Received on : ૦૫-૦૨-૨૦૧૯
Registered on: ૦૫-૦૨-૨૦૧૯
Decided on :
Duration: Year Month Day

**પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં.**

સ્પે. (એટ્રો) કેસ નં. ૦૪/૨૦૧૯

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિ રુ ધ્ધ**

(૧) જયેશ ભાયાભાઈ ઓડેદરા,
ઉ.વ. ૨૮,
રહે. બોખીરા બસ સ્ટેન્ડ સામેની ગલીમાં, જિ. પોરબંદર.
(૨) પ્રહલાદ મેરુભાઈ ગરેજા,
ઉ.વ. ૩૦,
રહે. જ્યુબેલી પોસ્ટ ઓફિસ સામેની ગલીમાં , જિ.પોરબંદર.
(૩) કૌશિક રાજેશભાઈ શનિશ્ચરા ખત્રી
ઉ.વ. ૨૩,
રહે. જ્યુબેલી તિરૂપતિ મંદિર પાછળ, જિ. પોરબંદર.

..... આરોપીઓ .

ગુન્હો :–***આઇ.પી.સી. કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) મુજબ....***

:::::::::: :::::::::: :::::::::: ::::::::::
**ફરીયાદ પક્ષે વિધ્વાન સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા ...**
**આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એન. જે. જાડેજા...**
:::::::::: :::::::::: :::::::::: ::::::::::

**: JUDGEMENT :**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ આઇ.પી.સી. કલમ- ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(આર), ૩(૨)(૫-એ) મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામમાં ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ૧૯૯૮ થી બોખીરા ગ્રામ પંચાયતની જમીન બોખીરા બસ સ્ટેશન સામે આવેલ હોય. જે જમીન ડો બાબાસાહેબ આંબેડકર ભવન શૈક્ષણિક હેતુ તથા બહેનો દીકરીઓના લગ્ન પ્રસંગ માટે અતિપછાત હાડી સમાજ ટ્રસ્ટ દ્વારા ૧૯૯૮ થી માંગણી કરેલ હોય, અને તે જમીનની માંગણી ફરીવાર ફરિયાદીએ કલેક્ટર કચેરીમાં કરેલ હોય. તેમ છતાં પણ પોરબંદર નગરપાલિકા દ્વારા તે જમિન ઉપર બગીચાનું કામ ચાલુ કરેલ હોય અને ફરિયાદી તેનો વિરોધ કરતા હોય. જે મનદુઃખના કારણે તારીખ ૧૩/૦૧/૨૦૧૯ ના કલાક ૨૧-૩૦ વાગ્યે આરોપી નં ૧ લોખંડનો પાઇપ, આરોપી નં ૨ સ્ટીલનો સળીયો તથા આરોપી નં ૩ હોકી જેવો ગેડીયો લઈ બોખીરા બસ સ્ટેશન સામે નવા પ્લોટ ફરિયાદીના રહેણાંક મકાન આગળ જઈ ફરિયાદીને ભુંડીગાળો બોલી "પરબતિયા" તરીકે બોલાવી ફરિયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણવા છતા અપશબ્દો બોલી અપમાનિત કરી, માર મારવાની ધમકીઓ આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ ઉધ્યોગનગર પો.સ્ટે.ગુ.ર.નં. ॥ ૦૬/૨૦૧૯ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુન્હાની તપાસ સોંપતા ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદ્દામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા તેઓએ ચાર્જશીટ કરેલ તે રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં.

૦૪/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપીઓ આ અદાલત સમક્ષ ઉપિસ્થિત થતા આરોપીઓ વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરોગામી સાહેબશ્રી દ્વારા આંક– ૧૪ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીઓને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક ૧૫ થી ૧૭ સુધી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીઓ એ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે, જેથી આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવાઓ :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો. | આંક |
|---|---|---|---|
| ૧. | રણછોડભાઈ નાથાભાઈ ગોહેલ | બનાવવાળી જગ્યાના પંચ | ૨૦ |
| ૨. | રાજુભાઈ રમેશભાઈ કડછા | બનાવવાળી જગ્યાના પંચ | ૨૨ |
| ૩. | પરબતભાઈ આલાભાઈ ગઢવી | અટક પંચનામાના પંચ | ૨૩ |
| ૪. | કાંતિભાઈ પાલાભાઈ ખરા | અટક પંચનામાના પંચ | ૨૫ |
| ૫. | નિલેશભાઈ ઘેલાભાઈ બોખીરીયા | પંચ સાહેદ | ૨૬ |
| ૬. | ભવ્ય જિતેન્દ્રભાઈ ગઢવી | પંચ સાહેદ | ૨૮ |
| ૭. | પરબતભાઈ મંગાભાઈ મકવાણા | ફરિયાદી | ૨૯ |
| ૮. | લક્ષ્મીબેન મંગાભાઈ મકવાણા | સાહેદ | ૩૨ |
| ૯. | ભાવનાબેન પરબતભાઈ મકવાણા | સાહેદ | ૩૩ |
| ૧૦. | ધર્મેન્દ્ર પરબતભાઈ મકવાણા | સાહેદ | ૩૭ |
| ૧૧. | ક્રિષ્નાબેન પરબતભાઈ મકવાણા | સાહેદ | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | હેમલતાબેન પરબતભાઈ મકવાણા | સાહેદ | ૩૯ |
| ૧૩. | નીતાબેન પ્રેમજીભાઈ મકવાણા | સાહેદ | ૪૦ |
| ૧૪. | હરદાસભાઈ મ્યાંનઝરભાઈ આગઠ | પોલીસ સાહેદ | ૪૭ |
| ૧૫. | વિજયભાઈ ભિમાભાઈ ભીંભા | પોલીસ સાહેદ | ૫૦ |
| ૧૬. | ઉષાબેન ભીમશીભાઈ અખેડ | પોલીસ સાહેદ | ૫૧ |
| ૧૭. | નરેન્દ્ર સામતભાઈ ચૌહાણ | સાહેદ | ૫૩ |
| ૧૮. | સલીમ વજરૂદીન પઠાણ | પોલીસ સાહેદ | ૫૬ |
| ૧૯. | સુભાષભાઈ ફોગાભાઈ વાઢેર | ત ક અ | ૬૦ |

## દસ્તાવેજી પુરાવાઓ :

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૧ |
| ૨. | આરોપીનું અટક પંચનામુ | ૨૪ |
| ૩. | મુદામાલ હથીયાર કબજે લીધાનુ પંચનામું | ૨૭ |
| ૪. | ફરિયાદ | ૩૦ |
| ૫. | ગુનો રજિસ્ટર કરવા કરેલ યાદી | ૫૨ |
| ૬. | હથિયારબંધીનું જાહેરનામું | ૫૪ |
| ૭. | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૫૭ |
| ૮. | મેસેજ | ૫૮ |
| ૯. | સ્ટેશન ડાયરી | ૫૯ |
| ૧૦. | તપાસનો નિમણૂક હુકમ | ૬૧ |
| ૧૧. | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી | ૬૨ |
| ૧૨. | બનાવવાળી જગ્યાએ વાહનને હોલ્ટ રાખવા કરેલ યાદી | ૬૩ |
| ૧૩. | અટકાયતી પગલા લેવા કરેલ યાદી | ૬૪ |
| ૧૪. | ગુનાની તપાસના કામે માહિતી મળવા કરેલ યાદી | ૬૫ |
| ૧૫. | કલમ ઉમેરો કરવા માટેનો રીપોર્ટ | ૬૬ |
| ૧૬. | કોલ ડિટેઈલ મેળવવા કરેલ યાદી | ૬૭ |
| ૧૭. | ગુનાના કામે માહીતી મોકલેલ તેનો ફોરવર્ડિંગ લેટર તથા બનાવવાળી જગ્યાના કાગળોની નકલ | ૬૮–૬૯ |

| | | |
|---|---|---|
| ૧૮. | કંટ્રોલ રૂમને કરેલ યાદી | ૭૦ |
| ૧૯. | કંટ્રોલ રૂમ તરફથી માંગેલ વર્ધીની માહિતી | ૭૧ |
| ૨૦. | એફ આઈ આરની ખરી નકલો | ૭૨–૭૩ |
| ૨૧. | આરોપીઓનો જાતીનો દાખલો, સ્કુલ લિવિંગ સર્ટિ અને ચુંટણી કાર્ડ તથા આધારકાર્ડની નકલો | ૭૪–૮૫ |
| ૨૨. | સાહેદોના અનુ.જાતિના દાખલા, સ્કુલ લિવિંગ સર્ટિ, આધારકાર્ડ, ચુટણીકાર્ડની નકલો | ૮૬–૯૬ |
| ૨૩. | કોલ ડિટેઇલ | ૯૭–૯૯ |

(૬) ફરીયાદ પક્ષ તરફથી આંક– ૧૦૧ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે. અને બચાવનો કોઇ પુરાવો આપેલ નથી અને આરોપીઓને તમારે વિશેષમાં કાંઇ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, " બનાવ સંબંધે અમો કાંઈ જાણતા નથી અમારી પાસેથી કોઈ હથિયાર પકડાયેલ નથી, ફરિયાદીએ ફરિયાદમાં અમારા નામ લખાવેલ નથી, ફરિયાદી દ્વારા કોઈ ફરિયાદ લખાવેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. અમારા વિરુદ્ધ કોઈ પુરાવા ન હોવા છતા અમારા વિરુદ્ધ ખોટુ ચાર્જશિટ કરી અમોને ખોટીરીતે ફસાવેલ હોય અમો નિર્દોષ છીએ, કોઈ ગુનો કરેલ નથી જેથી અમોને છોડી મુકવા અરજ છે. "

(૮) ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વકીલ શ્રી એસ. બી. જેઠવા તથા આરોપી તરફે વિ.વ. શ્રી એન. જે. જાડેજાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુ દ્દા ઓ :**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી તથા સાહેદ અનુસુચીત જાતીના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ૧૯૯૮ થી બોખીરા ગ્રામ પંચાયતની જમીન બોખીરા બસ સ્ટેશન સામે આવેલ હોય. જે જમીન ડો બાબાસાહેબ આંબેડકર ભવન શૈક્ષણિક હેતુ તથા બહેનો દીકરીઓના લગ્ન પ્રસંગ માટે અતિપછાત હાડી સમાજ ટ્રસ્ટ દ્વારા ૧૯૯૮ થી માંગણી કરેલ હોય, અને તે જમીનની માંગણી ફરીવાર ફરિયાદીએ કલેક્ટર કચેરીમાં કરેલ હોય. તેમ છતાં પણ પોરબંદર નગરપાલિકા દ્વારા તે જમિન ઉપર બગીચાનું કામ ચાલુ કરેલ હોય અને ફરિયાદી તેનો વિરોધ કરતા હોય. જે મનદુઃખના કારણે તારીખ ૧૩/૦૧/૨૦૧૯ ના કલાક ૨૧-૩૦ વાગ્યે આરોપી નં ૧ લોખંડનો પાઈપ, આરોપી નં ૨ સ્ટીલનો સળીયો તથા આરોપી નં ૩ હોકી જેવો ગેડીયો લઈ બોખીરા બસ સ્ટેશન સામે નવા પ્લોટ ફરિયાદીના રહેણાંક મકાન આગળ જઈ ફરિયાદીને ભુંડીગાળો બોલી "પરબતિયા" તરીકે બોલાવી ફરિયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણવા છતા અપશબ્દો બોલી અપમાનિત કરી, માર મારવાની ધમકીઓ આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આઇ.પી.સી. કલમ- ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ તથા એટ્રોસીટી એક્ટ કલમ-૩(૧)(આર), ૩(૨)(૫-એ) મુજબનો ગુન્હો કરેલ છે ? |

| | |
|---|---|
| | |
| ૩. | શું હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં,
૨. નકારમાં
૩. આખરી હુકમ મુજબ.

## : નિર્ણયના કારણો :

**મુદ્દા નં. ૧ અને ૨ :-**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરસપુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષાની છે. જે મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ફરિયાદી પરબતભાઈ મંગાભાઈ મકવાણાને આંક ૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બોખીરા બસ સ્ટેન્ડ સામે આવેલ મારા રહેણાંક મકાની સામે રાત્રીના સાડા નવ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે હું મારા ઘરે જમવા બેઠો હતો. મારી પત્નીનુ નામ ભાવનાબેન છે તથા મારા દિકરાનું નામ ધર્મેન્દ્ર છે, ક્રિષ્ના તથા હેમલતા નામે મારે બે દીકરીઓ છે. હું મારા ઘરે બનાવના અરસામાં પરીવાર સાથે જમવા બેઠો હતો

ત્યારે મારા ઘરની બહાર રાડો પાડવાનો અવાજ આવતા, મારા ઘરના સભ્યોમાં મારી બે દીકરીઓ તથા મારી પત્ની ઘરના બહાર આવેલા ગેઇટ પાસે ગયેલો અને હું ઘરના દરવાજા પાસે ઉભો હતો. ત્યાં જે રાડો નાખતા હતા તેમા (૧) જયેશભાઇ ભાયાભાઇ ઓડેદરા, (૨) પ્રહલાદ મેરૂભાઇ પાનવાળા, (૩) કૌશિક રાજુભાઇ આ ત્રણેય જણા પાસે હાથમાં હથિયારો હતા અને મારી પત્નીને કહેતા હતા કે પરબતને બહાર કાઢો એમ કહેતા હતા, જે હું મારા ઘરમાં અવાજ સાંભળતો હતો અને હું બહાર નિકળેલ નહી. મારી પત્નીએ આ ત્રણેયને કહેલ કે મારા પતિ જમવા બેઠા છે, હમણાં આવશે. આ ત્રણેય જણા તોછડાયથી ભુંડી ગાળો બોલતા હતા અને કહેતા હતા કે બહાર નહી નિકળે તો અમો અંદર આવીને પતાવી દઇશુ, તેમ કહી મારા ઘરમાં બડજબરીથી પ્ર વેશવાનો પ્રયત્ન કરતા હતા અને મારી પત્ની તથા મારી દીકરીને ધકકો મારીને પછાડી દીધેલ. ત્યારબાદ મે મારા મોબાઇલથી કંટ્રોલ પોલીસને ફોન કરેલો અને પોલીસ આવેલી અને મને બહાર આવવાનુ કહેતા હું બહાર નિકળેલો અને પોલીસે આ ત્રણેયને પકડી લીધેલ અને મને પોલીસની બીજી ગાડીમાં બેસાડેલ અને ઉદોગનગર પો.સ્ટે. લઇ જતા મે ઉદોગનગર પો.સ્ટે.માં બનાવ બાબતે ફરીયાદ આપેલી. તેમ જણાવે છે અને આંક ૩૦ થી ફરિયાદ રજૂ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આ બનાવનુ કારણ એ હતુ કે બોખીરા બસ સ્ટેન્ડ પાસે સર્વ નં. ૬૦૩ પૈકીની જમીનની મે કલેકટર પાસે માંગણી કરેલી અને આ જમીનનુ સર્વે થયેલુ અને કલ ેકટરમાં એક ટકા લેખે રકમ પણ ભરેલી અને આ જમીનની માંગણી કરેલ હોય અને મને ના મળે તે કારણોસર હાલના આરોપીઓને અજય બાપોદરાનાએ મને મારી નાંખવા માટે મોકલેલા હતા અને જો હું જે તે સમયે હુ ઘરની બહાર નિકળેલ હોત તો આ લોકો મને મારી નાખત. હજીપણ મને ભય રહેલ છે કે આ લોકો ગમેત્યારે મને મારી નાખશે.

બચાવપક્ષે આ સાહેદની કરવામાં આવેલી ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે અગાઉ મારી સામે મેં ખૂન કરેલાનો કેસ ચાલેલો. જે કેસમાં મને દશ વર્ષની અદાલતે સજા કરેલી. જે સજા મેં અડધી ભોગવેલી અને સારી ચાલ ચલગત ધ્યાને લઈ સરકારે અડધી સજા માફ કરી દીધેલ. એ વાત ખરી છે કે હું એક ટ્રસ્ટ ચલાવું છું જેનું નામ 'શ્રી બોખીરા હરિજન સમસ્ત રામ મંદિર માટે હાંડી સમાજ ટ્રસ્ટ, બોખીરા' જે ટ્રસ્ટ રજીસ્ટર્ડ થયેલ અને હું તેનો પ્રમુખ છું અને આ ટ્રસ્ટ મંડળમાં એક રામદેવપીરનું મંદિર આવેલ છે. એ વાત ખરી છે કે આ જગ્યા એ અમોને સરકારે અમારા બાપદાદા વખતની આપેલી છે. જે જગ્યાનું આશરે ક્ષેત્રફળ ૫૧૭ ચો.વાર છે. આ જગ્યા એ બોખીરા બસ સ્ટેન્ડના પાછળના ભાગે આવેલી છે. એ વાત ખરી નથી કે આ જગ્યામાં અમોએ પેશકદમી કરેલ છે. એ વાત ખરી નથી કે આ જગ્યા ગેરકાયદેસર કબજો કરી અને ત્યાં ગેરકાયદેસર મંદિર બનાવેલ છે. એ વાત ખરી છે કે, વિવાદ વાળી જગ્યા બસ સ્ટેન્ડની સામેની બાજુએ આવેલી છે. એ વાત ખરી નથી કે, આ જગ્યામાં નગરપાલીકા બગીચો બનાવેલ છે. પરંતુ અત્યારે હાલ બગીચો બનેલ છે. એ વાત ખરી છે કે આ બગીચો બનેલ તેને આશરે ચારેક વર્ષ થયેલ છે. એ વાત ખરી છે કે આ જગ્યા બાબતે જે મનદુ:ખ ચાલતું હતું તે 'અજય બાપોદરા' નામની વ્યકિત સાથે ચાલતું હતું. એ વાત ખરી નથી કે આ અજય બાપોદરા સામે મેં અગાઉ ફરીયાદ કરેલ હતી. એ વાત ખરી નથી કે, આ જમીન મળવા માટે મેં આંદોલન કરેલ છે. પરંતુ મને મારવા આવ્યા પછી ડી.એસ.પી. કચેરી પાસે અપવાસ આંદોલન કરેલું. મેં ૫જ રાત–દીવસ આંદોલન કરેલ હતું. મારી ફરીયાદ અજય બાપોદરા તેમજ હાલના ત્રણ આરોપીઓ સામે છે. મેં પોલીસમાં આ લોકો સામે ઘણી બધી ફરીયાદો આપેલી છે. એ વાત ખરી નથી કે મેં જે ફરીયાદ

આપેલી છે, તે અજય બાપોદરા સામે આપેલ છે. પરંતુ મેં જે ફરીયાદ આપેલી છે તે મને કોઇ મારી ન નાખે તેની ફરીયાદ આપેલ છે . એ વાત ખરી છે કે જેવો બનાવ બન્યો તે રીતે ફરીયાદ લખાવવા માટે મેં આંદોલન કરેલું હતું. એ વાત ખરી છે કે મેં જે ફરીયાદ લખાવેલી તે પોલીસે બદલી નાંખેલ છે. એ વાત ખરી છે કે પોલીસે મારી ફરીયાદ બદલી નાંખેલ તેથી મેં મારી ફરીયાદ જે છે, તે લેવા માટે આંદોલન કરેલું હતું. એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં કોઇ આરોપીઓના નામ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મે લેખિતમાં ફરીયાદ આપેલ. મને કોર્ટના રેકર્ડમાંથી મે કરેલી ફરીયાદ બતાવવામાં આવે છે, તે જોયને કહુ છુ કે તે મે કરેલી ફરીયાદ નથી, પરંતુ મને જે નકલ આપવા માટે મે સહી કરેલ છે. એ વાત ખરી છે કે મે જે લખાવેલ છે તેવુ મને બતાવવામાં આવેલ આંક–૩૦ ની ફરીયાદમાં નથી. મને આંક–૩૦ બતાવવામાં આવે છે તેમા મારી બે સહી છે, તે માટે જણાવુ છુ કે, હું સહી ન હતો કરતો તો તમારે નકલ જોઇએ છે તે માટે સહી કરાવેલી. ત્યાં પોલીસ સ્ટેશને ઘણા બધા લોકો હતા. મને આંક–૩૦ ની મારી ફરીયાદ પોલીસે વંચાવેલી નહી માત્ર સહી કરાવેલી. એ વાત ખરી છે કે મને આંક–૩૦ બતાવવામાં આવે છે તે જોયને કહુ છુ કે તે મે લખાવેલી ફરીયાદ પ્રમાણેની નથી. એ વાત ખરી છે કે મે જે ખરેખર બનાવ બનેલો તેની લેખિતમાં અરજી આપેલી હતી. એ વાત ખરી છે કે મારુ વિશેષ નિવેદન લીધેલુ તેમા પણ પોલીસે મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે મારા વિશેષ નિવેદનમાં મારી સહી નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ વિશેષ નિવેદન પણ બદલી નાખેલ છે. એ વાત ખરી છે કે આંક–૩૦ વાળી ફરીયાદમાં મારી દીકરીને ધકકો મારીને પછાડી દીધેલ હોવાની તથા મારી પત્નીને ભુંડી ગાળો દીધેલ હોવાની હકિકત લખેલ નથી. બનાવ વખતે હું ગેઇટ પાસે ઉભેલો હતો. એ વાત ખરી છે કે મે મારી પોલીસ ફરીયાદ માં એવુ લખાવેલ કે " હું મારા ઘરે બનાવના અરસામાં

પરીવાર સાથે જમવા બેઠો હતો ત્યારે મારા ઘરની બહાર રાડો પાડવાનો અવાજ આવતા, મારા ઘરના સભ્યોમાં મારી બે દીકરીઓ તથા મારી પત્ની ઘરના બહાર આવેલા ગેઈટ પાસે ગયેલો અને હું ઘરના દરવાજા પાસે ઉભો હતો. ત્યાં જે રાડો નાખતા હતા તેમા (૧) જયેશભાઈ ભાયાભાઈ ઓડેદરા, (૨) પ્રહલાદ મેરૂભાઈ પાનવાળા, (૩) કૌશિક રાજુભાઈ આ ત્રણેય જણા પાસે હાથમાં હથિયારો હતા અને મારી પત્નીને કહેતા હતા કે પરબતને બહાર કાઢો એમ કહેતા હતા, જે હું મારા ઘરમાં અવાજ સાંભળતો હતો અને હું બહાર નિકળેલ નહી. મારી પત્નીએ આ ત્રણેયને કહેલ કે મારા પતિ જમવા બેઠા છે, હમણાં આવશે." એ વાત ખરી નથી કે બહાર જે ત્રણ જણા ઉભેલા હતા તે ત્રણમાંથી એકેયને મે જોયેલા ન હતા. એ વાત ખરી નથી કે તે જ કારણે મે ફરીયાદમાં કોઈના નામ લખાવેલ ન હતા. એ વાત ખરી છે કે આરોપી જયેશ ઓડેદરા ની દુધની ડેરી મારા ઘરની સામેની બાજુમાં આવેલી છે અને હું તેને વર્ષોથી ઓળખુ છું અને તેની સાથે મારે સારો સંબંધ છે અને મારા ઘરના બધા સભ્યો પણ તેને ઓળખે છે. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ મે કોઈ આરોપીઓ સામે બીજી કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ અમારા ઘર પાસે રહેતા હોય, તેની દુધની ડેરી સંબંધે અણ બનાવ બનતા આખી ખોટી ફરીયાદ ઉભી કરેલી છે. આરોપી પ્રહલાદની પાનની દુકાન અમારા ટ્રસ્ટના રામદેવપીરના મંદિરથી થોડે દુર પાનની દુકાન આવેલી છે. એ વાત ખરી છે કે તેણે પણ બનાવના અરસા અગાઉથી ઓળખતો હતો. એ વાત ખરી નથી કે ત્રીજો આરોપી કૌશિક, જયેશ ઓડેદરાની દુધની ડેરીમાં કામ કરતો હતો. આરોપી કૌશિકને કયારેય બનાવ પહેલા જોયેલ ન હતો. હું કૌશિકને નામથી ઓળખતો હતો પણ તેને અગાઉ જોયેલ ન હતો. એ વાત ખરી નથી કે આ ત્રણેય આરોપીઓને અગાઉથી ઓળખતો હોવા છતાં બનાવમાં તે હાજર ન હોવાના

કારણે મુળ ફરીયાદમાં તેઓના નામ મે લખાવેલ નથી. એ વાત ખરી નથી કે નગરપાલિકાની જગ્યામાં મારે ગે.કા. કબ્જો કરી લેવો હોય અને ત્યાંના આજુબાજુના રહીશો ત્યાં બગીચો બનાવવા માંગતા હોય અને તેથી મારુ ધાર્યુ કરવા માટે આખો ખોટો બનાવ ઉભો કરી, ખોટી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે બનાવ વખતે આરોપીઓ તથા અમોને પોલીસ એક જ ગાડીમાં સાથે લઇ ગયેલ હતા. એ વાત ખરી છે કે હું પોલીસ સ્ટેશને પહોચેલ ત્યારે ત્યાં ઘણા બધા લોકો હતા. એ વાત ખરી છે કે તેમા બે ચાર જણાને ઓળખતો હોય, તેવા હતા. એ વાત ખરી નથી કે હું ખોટી ફરીયાદ ના કરુ તે માટે મને સમજાવવા માટે લોકો આવેલા હતા. આ સાહેદ વધુમાં જણાવે છે કે, પોલીસ પોલીસ સ્ટેશને મને, મારી પત્ની, મારી બે દીકરી, મારી ઘરસાસુ તથા નીતાબેન મંગેરાને સાથે પોલીસ જીપમાં જ સાથે લઇ ગયેલ હતા. રાત્ર ે પોણા દસ જેટલો સમય થયેલ હશે. અમો પોલીસ ચોકીએ પહોચ્યા પછી ફરીયાદ લખવાનુ તાત્કાલિક ચાલુ કરેલુ, પછી દોઢ બે કલાક સુધી રગડઘગડ ચાલતુ હતુ. એ વાત ખરી છે કે ત્યાં પોલીસ સાથે રકઝગ ચાલતી હતી. મે લખાવ્યા મુજબની પોલીસે પ્રથમ ફરીયાદ લખેલી અને ત્યારબાદ પોલીસે તે પેઈજ કાઢી નાખેલ હતુ અને પોલીસે પછી તેનુ શુ કરેલુ તેની મને ખબર નથી. મે નકલ માંગેલ હોવા છતા તે આજદીન સુધી મને મળેલ નથી. એ વાત ખરી નથી કે ખરેખર અજય બાપોદરા નામના માણસે મારી સામે ફરીયાદ કરેલ હોય તેથી પોલીસ સ્ટાફના માણસો અમોને પોલીસના વાહનમાં પોલીસ ચોકીએ લઇ ગયેલા હતા. એ વાત ખરી નથી કે તે દિવસે મારી સામે પણ પોલીસે ચેપ્ટર કેસ દાખલ કરેલો હતો. એ વાત ખરી નથી કે ખરેખર અમારે જગ્યાનો વિવાદ ચાલતો હોય અને આ જગ્યામાં નગરપાલિકાએ ગાર્ડન બનાવી નાખતા અને તેથી બોખીરા વિસ્તારમાં રહેતા લોકોને હેરાન કરવા માટે અને ગમે તે લોકોને ફસાવી દેવા માટે મે ફરીયાદમાં

આરોપી તરીકે કોઇના નામ લખાવેલ ન હતા. એ વાત ખરી નથી કે ખરેખર આવો કોઇ બનાવ બ નેલ નહોય, તેમ છતા ખોટી ફરીયાદ લખાવેલ છે. એ વાત ખરી નથી કે પોલીસે ત્રણેય હથિયારો મારા ફળીયામાંથી કબ્જે કરેલા છે. એ વાત ખરી નથી કે હથિયારો ઓળખી બતાવેલ છે તે મે વાંચેલુ હોવાના કારણે આ કોર્ટમાં હથિયારો ઓળખાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ કોઇ ગાળાગાળી કરેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ કાઇ બનેલ ન હોવા છતા અને જ્ઞાતિપ્રત્યે અપમાનિત થાય તેવુ કોઇ બનાવ બનેલ ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે ફરીયાદ કર્યા બાદ સરકારે અમોને સહાય પેટે પૈસા આપેલ છે. એ વાત ખરી છે કે હું જ્ઞાતિ આગેવાન હોવાના કારણે એટ્રોસીટીની કોઇ ફરીયાદ દાખલ થાય તો સરકાર તરફથી સહાય મળે છે તે હું જાણુ છુ.

(૧૩) આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ લક્ષ્મીબેન મંગાભાઈ મકવાણાને આં ક–૩૨ થી તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પરબત (ફરીયાદી) મારો દિકરો થાય છે. બનાવ આશરે ચારેક વર્ષ પહેલા અમારા ઘરે બનેલો. બનાવ રાતના નવ–સાડા નવ વાગ્યાની આસ પાસ બનેલો. બનાવ સમયે અમો બધાય જમવા બેઠેલા હતા. બનાવ સમયે મારા દિકરા પરબતને મારવા માટે જયેશ ભાયા, બીજો એક પકોડાવાળા પાન વાળાનો દિકરો હતો જેનું નામ મને આવડતું નથી. તેઓ અમારા ઘરે આવેલા અને ગાળો કાઢતા કાઢતા કહેલ કે પરબતને બહાર કાઢો તેને મારી નાખવો છે અને આ લોકો લોઢાના પાઇપ લઇને આવેલા હતા. બનાવ બાબતે પોલીસ ફરીયાદ આપેલી. આરોપીઓને જોઇએ ઓળખું છું.

બચાવપક્ષે આ સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મારો દિકરો પરબત એ રામદેવપીરના મંદિરનું સં ચાલન કરે છે. એ વાત ખરી છે કે તે અમારી હાંડી સમાજનો પ્રમુખ છે. એ વાત ખરી છે કે મારો દિકરો એ આંબેડકર ભવન બનાવવા માંગતા હતા અને આરોપીઓ

એ બગીચો બનાવવા માંગતા હતા અને આ જગ્યા લેવા માટે અમો તથા અમારા ઘરના તમામ સભ્યો અપવાસમાં બેઠેલા હતા. એ વાત ખરી છે કે હાલ આ જગ્યા પર બગીચો બની ગયેલ છે. એ વાત ખરી છે કે મારા દિકરા પરબતને અજય બાપોદરા નામના વ્યકિત સાથે માથાકુટ હતી. એ વાત ખરી છે કે અજય બાપોદરા એ નગરપાલિકાનો સભ્ય હતો. એ વાત ખરી છે કે મારા દિકરાએ અજય બાપોદરા સામે ફરીયાદ કરેલી હતી.એ વાત ખરી છે કે જે બનાવ હું કહું છું તેની ફરીયાદ મેં લખાવેલી છે. હું ફરીયાદ લખાવવા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ગયેલી. ફરીયાદ કરવા પરબત એકલો ગયેલો. એ વાત ખરી છે કે મારા દિકરા પરબતને પોલીસ જીપમાં લઈ ગયેલી હતી. એ વાત ખરી છે કે મારા દિકરા સામે અજય બાપોદરાએ ફરીયાદ કરેલી હતી. હું પોલીસ ચોકી એ ગયેલ નથી. પોલીસ બનાવ બન્યા પછી બે–ત્રણ દિવસ પછી ઘરે આવેલી. એ વાત ખરી છે કે પોલીસે મારૂ માત્ર નામ ઠામ પુંછેલું એ સિવાય બીજું કાંઈ પુંછેલ નહિં. એ વાત ખરી છે કે જયેશ (આરોપી) ની દૂધની ડેરી છે અને તેને બનાવ અગાઉથી હું ઓળખું છું. હું જયેશનું ઓળખું છું, તે આજરોજ કોર્ટમાં હાજર છે, તે દૂધની ડેરીવાળો જયેશ છે. હું ઘણાં વર્ષથી જયેશની દુકાનેથી દૂધ લઉં છું. એ વાત ખરી છે કે હું કહું છું તેવા છોકરાઓ ઘરે આવ્યા ત્યારે મારો દિકરો પરબત ઘરમાંજ હતો અને ઘરની બહાર નિકળેલ નહિં. એ વાત ખરી છે કે મારા ઘરની બારોબાર ઘણાં બધા લોકો ભેગા થઈ ગયેલા હતા. એ વાત ખરી છે કે આ બધા પરબતભાઈને સમજાવવા માટે આવેલા હતા. એ વાત ખરી નથી કે ખરેખર કોઈ બનાવ બનેલ જ ન હોય અને નગરપાલીકાની માલીકીની જગ્યામાં મારા દિકરાને આંબેડકરનગર ભવન બનાવવાનું હોય અને નગરપાલીકાના સભ્યો તથા રહેવાસીઓ આ જગ્યામાં બગીચો બનાવવા માંગતા હોય અને તે માટે મારો દિકરો અરજ અહેવાલ કરતો હોય અને વિરોધ કરતો હોય જેથી બગીચો ન બનવા દેવા માટે થઈને ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ કરેલ છે અને મારો દિકરો ફરીયાદી હોય તેથી તેને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ભાવનાબેન પરબતભાઈ મકવાણાએ આંક–૩૩ થી તેમની સોગંદ ઉપરની જુબાની આપેલ છે. સદર સાહેદનો પુરાવો વં ચાણે લેતા જણાવે છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા અમારા રહેણાંક મકાન

પાસે બનેલો. રાતના નવ–સાડા નવ વાગ્યાની આસ પાસ બનેલો. બનાવ સમયે હું, મારા પતિ મારા ત્રણ સંતાનો અને મારા સાસુ હાજર હતા. બનાવ સમયે અમો જમા બેઠા હતા ત્યારે જયેશ અને તેની સાથેના ત્રણ જણા અમારા ઘરે બાઘવા માટે આવેલા અને કહેવા લાગેલ કે પરબતને કાઢો તેમ કહી રાડો નાખવા લાગેલ. જેથી મારા પતિને કહેલ કે આ લોકો આવે છે તેના હાથમાં પાઇપ અને ધોકા અને હોકી છે અને ઘરની બહાર નિકળતા નહિં. મારા પતિએ પોલીસને ફોન કરતા પોલીસ આવેલી અને પોલીસે અમોને ઘરમાંથી બહાર આવવાનું કહેતા અમો બહાર આવેલ અને આ આવેલા આરોપીઓ તેના હાથમાં હથીયાર, પાઇપ અને ધોકા મુકીને ભાગી ગયેલ. ત્યારબાદ મારા પતિને પોલીસ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશને લઇ ગયેલ અને મારા પતિએ બનાવ બાબતે પોલીસ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલ. જયેશની સાથે એક પકોડાવાળા ભાઇ હતા તેમનું નામ મને આવડતું નથી. આરોપી જયેશ તેની સાથે આવેલ આરોપી ને જોયે ઓળખું છું. આજરોજ કોર્ટમાં હાજર છે અને જયેશ અને તેની સાથે કૌશીક ને જોઇને કહું છું કે મારા ઘરે આવેલા તે જ આરોપીઓ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે મારા પતિએ કરેલા ખૂનમાં તેઓને સજા થયેલી હતી અને તેને દશ વર્ષની સજા થયેલી હતી. એ વાત ખરી છે કે મારા પતિ પરબતભાઇ અમારી હાંડી સમાજના પ્રમુખ છે. એ વાત ખરી છે કે બોખીરા મુકામે આવેલા રામદેવ પીરના મંદિરનું સંચાલન મારા પતિ કરે છે. એ વાત ખરી છે કે અમારા બોખીરા વિસ્તારમાં નગરપાલીકાની માલીકીની ખુલ્લા પ્લોટમાં મારા પતિ આંબેડકરનગર ભવન બનાવવા માંગતા હતા અને ત્યાં રહેવાસીઓ બગીચો બનાવવા માંગતા અને તેનો વિવાદ ચાલતો હતો. એ વાત ખરી છે કે મારા પતિએ આ બાબતે ઘણી જગ્યાએ અરજીઓ કરેલી હતી અને તે બાબતે બોખીરાના આગેવાન અજય બાપોદરા સાથે મનદુ:ખ ચાલતું હતું. એ વાત ખરી છે કે મારા પતિએ આ અજય બાપોદરા સામે લેખીતમાં ફરીયાદો પણ કરેલી હતી. એ વાત ખરી છે કે હાલના બનાવ સબંધેની ફરીયાદ મારા પતિએ અજય બાપોદરા સામે લખાવેલ હતી. એ વાત ખરી છે કે મારા પતિએ આપેલી ફરીયાદ પોલીસે બદલી નાખેલ હોય જેથી અમો તેમજ મારા પતિ તથા મારા ઘરના સભ્યો ડી.એસ.પી.ની ઓફીસ સામે અપવાસ ઉપર બેઠેલા હતા. આ અપવાસ

અમોએ પજ– દિવસ કરેલો હતો અને ત્યારબાદ પણ પોલીસે ફરીયાદ બદલી દીધેલ નથી. એ વાત ખરી છે કે હું જે બનાવની હકીકત જણાવું છું તે દિવસે ઘણા બધા લોકો અમારા ઘર પાસે આવેલા હતા. એ વાત ખરી છે કે બારોબાર ઘણાં બધા લોકોનો દેકારાનો અવાજ આવતો હોવાથી અમોએ દરવાજો ખોલેલ નહિં અને ઘરની અંદર હતા. એ વાત ખરી છે કે અમો બધા ઘરમાં જમાતા હતાં. એ વાત ખરી છે કે બારોબાર ટોળું હોવાના કારણે મારા પતિએ પોલીસને ફોન કરતા પોલીસ આવેલી હતી અને પોલીસના આવ્યા બાદ અમોએ ઘરનું બારણું ખોલેલું હતું. એ વાત ખરી છે કે પોલીસ આવી અને બારણું ખોલ્યું ત્યારે બારોબાર ઘણાં બધા લોકો ઉભા હતા. એ વાત ખરી છે કે ત્યારબાદ મારા પતિ પરબતભાઇને ઉધોગનગર પોલીસવાળા પોલીસ જીપમાં ઉધોગનગર પોલીસ સ્ટેશને લઇ ગયેલા. ત્યારે હું ભેગી ગયેલ નહિં. એ વાત ખરી છે કે ત્યારે પોલીસ ચોકીએ મારા પતિ પરબતભાઇ એકલા જ ગયેલા હતા. એ વાત ખરી છે કે મારા પતિએ કોની સામે ફરીયાદ લખાવેલી અને શું ફરીયાદ લખાવેલી તે બાબતે હું જાણતી નથી. પોલીસ બીજે દિવસે ઘરે આવેલી. એ વાત ખરી છે કે પોલીસ ઘરે આવેલી ત્યારે અમો ડી.એસ.પી. ઓફીસ સામે ઉપવાસ પર બેઠાં હતાં અને પોલીસ ત્યાં પણ આવેલી હતી. એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ ઠામ પુંછેલું હતું તે સિવાય બીજું કાંઇ પુંછેલ નથી. એ વાત ખરી છે કે મારે જુબાનીમું શું કહેવું અને જુબાની કેવી રીતે દેવી તે મારા પતિ પરબતભાઇએ શીખવાડેલ છે. એ વાત ખરી છે કે મારા પતિ પરબતભાઇ પણ મારી સાથે આવેલ છે. એ વાત ખરી છે કે આરોપી પૈકી જયેશ ની દૂધની ડેરી અમારા પાસે આવેલ છે અને અમો ત્યાં દૂધ લેવા પણ જતાં હતા જેથી હું ઓળખું છું અને અગાઉ થી ઓળખુ છું. એ વાત ખરી નથી કે ખરેખર કોઇ બનાવ બનેલ જ ન હોય અને નગરપાલીકાની માલીકીની જગ્યામાં મારા પતિને આંબેડકરનગર ભવન બનાવવાનું હોય અને નગરપાલીકાના સભ્યો તથા રહેવાસીઓ આ જગ્યામાં બગીચો બનાવવા માંગતા હોય અને તે માટે મારા પતિએ અરજ અહેવાલ કરતા હોય અને વિરોધ કરતો હોય જેથી બગીચો ન બનવા દેવા માટે થઇને ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ કરેલ છે અને મારા પતિ ફરીયાદી હોય તેથી તેને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ ધર્મેન્દ્ર પરબતભાઈ મકવાણાએ આં ક–૬૮ થી તેઓની સોગંદ ઉપરની જુબાની આપેલ છે. સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ જણાવે છે કે, બનાવ આશર પાંચેક વર્ષ પહેલા બોખીરા બસ સ્ટેન્ડ સામે અમારા રહેણાંક મકાન પાસે બનેલો. બનાવ રાત્રીના સાડા નવ વાગ્યાની આસ પાસ બનેલો. બનાવ સમયે હું, મારા મમ્મી, પપા તથા મારી ત્રણ બહેનો તથા મારી દાદીમા હાજર હતા. બનાવ સમયે ત્રણ વ્યકિત આવેલ જેમાં એકનું નામ જયેશભાઇ ઓડેદરા તથા કૌશિકભાઈ તથા પ્રહલાદભાઈ અમારા ઘરે આવેલા અને આવીને રાડારાડી અને ગાળાગાળી કરતા અને કહેતા કે પરબતીયાને ઘરની બહાર કાઢો,ત્યારે અમે જમવા બેઠા હતા મારી માતા અને મારી બહેનો અને મારા દાદીમા ઘરની બહાર ગયેલા અને આ લોકોને પુછેલુ કે શુ કામ છે તો તેણે કહયુ કે પરબતીયાને બહાર કાઢો અને ત્રણેય ઇસમો પાસે હથીયારો હતા જેમા જયેશ પાસે લોખંડનો પાઇપ, કૌશીક પાસે હોકી હતી અને પ્રહલાદ પાસે લોખંડની ટોમી હતી જે અમારા ઘરના બહાર ઓટા ઉપર પછાડતા હતા, મારા પપ્પાએ ૧૦૦ નંબર પોલીસમાં ફોન કરેલો તેથી પોલીસ આવેલી અને પોલીસે આરોપીઓને પકડેલા અને મારા પિતા પોલીસના વાહનમાં બેસીને ઉદ્યોગનગર પો.સ્ટેમા પોલીસ ફરીયાદ કરવા માટે ગયેલા અને ત્યાં પોલીસ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી અને મારો જવાબ લીધેલો. આ બનાવ બનવાનું કારણ એ હતું કે બોખીરા બસ સ્ટેન્ડ પાસે સરકારી જમીન હતી તે જમીનમાં અમારા સમાજ માટે આં બેડકર ભવન બનાવવાનુ હતુ જે અંગેની માંગણી કરી હતી જેના મનદુ:ખના કારણે બનાવ બનેલો.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી મારા પિતા છે. એ વાત ખરી છે કે આજે પણ હુ મારા પિતા સાથે રહુ છુ અને આજરોજ મારા પિતાશ્રી મારી સાથે કોર્ટમા આવેલા છે. એ વાત ખરી નથી કે કોર્ટમા નિવેદન કેમ આપવુ તે મને મારા પિતાએ શીખાડેલ છે. એ વાત ખરી છે કે મે મારુ નિવેદન વાંચ્યુ છે અને તે ગઇ તારીખે વાંચેલુ હતુ. એ વાત ખરી છે કે બનાવ વખતે હું અને મારા પિતા ઘરની બહાર નીકળેલા નહી. એ વાત ખરી નથી કે બનાવ સબંધેની વાત અમોને મારા બહેન તથા માતાએ કરેલી છે. એ વાત ખરી છે કે બનાવ પછી અમો તથા મારા પિતા તથા ઘરના બાકીના સભ્યો પજ

દિવસ સુધી અપવાસ પર બેઠા હતા. એ વાત ખરી છે કે મારા પિતાએ જે ફરીયાદ લખાવેલ હતી તે પોલીસે લખેલ ન હોય અને બીજી ફરીયાદ લખી નાંખતા અમો તથા મારા પિતા અપવાસ પર બેઠા હતા. એ વાત ખરી છે કેમારા પિતાએ અજય બાપોદરા નામની વ્યકિત સામે ફરીયાદ કરેલી હોય અને તે નગરપાલીકાના સભ્ય હોય અને ભાજપમાથી ચુંટાયેલા હોવાને કારણે પોલીસ ફરીયાદ લખતી ન હોય આથી અપવાસ પર બેહેલા. અમો અપવાસ પર બેઠા પછી પણ પોલીસે આજદિન સુધીમા આ અજય બાપોદરા નામની વ્યકિત સામે ફરીયાદ નોંધેલ નથી. એ વાત ખરી નથી કે તે સબંધે મારા પિતાએ પોલીસ તથા કલેકટરમા અરજીઓ પણ કરેલી હતી. રાત્રે બનાવ પછી હું મારા પિતા સાથે પોલીસ ચોકીએ ગયેલ નહી.પોલીસચોકીએ મારા પિતા સાથે મારા માતૃશ્રીના મોટા બહેન માલીબેન અને અમારા સંબંધી પુંજાબેન સાથે ગયેલા હતા. એ વાત ખરી નથી કે બનાવ બન્યો ત્યારે માલીબેન અને પુજાબેન મારી ઘરે ન હતા. સાહેદ ખુલાસામા જણાવે છે કે માલીબેન હતા. એ વાત ખરી છે કે મારા પિતાએ કોની સામે અને કયારે ફરીયાદ લખાવેલી તે હુ જાણતો નથી. એ વાત ખરી છે કે મારા પિતાને પોલીસચોકીએ ફરીયાદ નોંધવા સબંધે કોઇ માથાકુટ થયેલ હોય તે સબંધે હુ કાંઈ જાણતો નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ ફકત નામઠામ પુછેલ, પોલીસે મારુ કોઇ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ અગાઉ બસ સ્ટેન્ડ પાસે જે ખુલ્લી જગ્યા હતી ત્યા આજુબાજુના રહેવાશીઓ બગીચો બનાવવા માંગતા હોય અને મારા પિતાશ્રી આંબેડકર ભવન બનાવવા માંગતા હોય તે બાબતે મનદુખ ચાલતુ હતુ. એ વાત ખરી છે કે મારા પિતાશ્રી આ ખુલ્લી જગ્યામા બગીચો બનાવ દેવા માંગતા ન હતા. એ વાત ખરી છે કે અમારા વિસ્તાર નગરપાલીકાના સભ્ય તે જગ્યાચે બગીચો બનાવવા માંગતો હતો. એ વાત ખરી છે કે. અત્યારે તે બગીચો બની ગયો છે. એ વાત ખરી નથી કે ખરે ખર કોઈ બનાવ બનેલો જ ન હોય પરંતુ અમારા પિતા બોખીરાની ખુલ્લી જગ્યામાં બગીચો બનાવ દેવા માંગતા ન હોય તેથી ત્યાના રહેવાશીઓને હેરાન કરવા માટે અમો ઘરના બધા સભ્યો સાથે મળીને ખોટી ફરીયાદ કરવાનો પ્લાન બનાવેલ હોય અને તેના ભાગ સ્વરૂપે હાલના આરોપીઓ સામે ખોટી ફરીયાદ કરેલી છે અને ફરીયાદી મારા પિતા હોવાને કારણે તેને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે આરોપીઓમારા વિસ્તારના જ હોવાને કારણે ફરીયાદ અગાઉથી જ તેને ઓળખુ

છુ. એ વાત ખરી નથી કે આ બનાવમા વપરાયેલ હથીયારો મને પોલીસ ચોકીએ પોલીસે બતાવેલા હતા. એ વાત ખરી છે કે મે મારા પોલીસ નિવેદનમા એવુ લખાવેલ હતુ કે " જેથી અમો તથા મારા પિતા ઘરમાથી બહાર નીકળેલા નહી" એ વાત ખરી છે કે હથીયારો મે જોયેલ હોવાની ખોટી હકીકત જણાવુ છુ.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ ક્રિષ્નાબેન પરબતભાઇ મકવાણાએ આં ક–૩૮ થી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ચાર–પાં ચેક વર્ષ પહેલાં બોખીરા બસ સ્ટેન્ડ સામે અમારા રહેણાંક ઘરે બનેલો.બનાવ રાત્રીના સાડા નવ વાગ્યાની આસ પાસ બનેલો. બનાવ સમયે હું, મારા મમ્મી, પપા તથા મારી બે બહેનો તથા મારો ભાઇ તથા મારી દાદીમાં હાજર હતા. બનાવ સમયે ત્રણ વ્યકિતઓ આવેલ અને કહેતા હતા કે પરબતીયાને બહાર કાઢો અને ભુંડી ગાળો બોલતા અને હથીયારો પછાડતા હતા આ ત્રણ જણા હતા જેમા એકનુ નામ જયેશભાઇ ઓડેદરા તથા કૌશિકભાઇ તથા પ્રહલાદભાઇ અમારા ઘરે આવેલા અને આવીને રાડારાડી અને ગાળાગાળી કરતા અને કહેતા કે પરબતીયાને ઘરની બહાર કાઢો,ત્યારે અમે જમવા બેઠા હતા અને જમતા જમતા હુ અને મારી માતા ઘરની બહા નીકળેલા અને કહેતા કે પરબતીયાને બહાર કાઢો તેને મારવો છે અને ભુડી ગાળો કાઢતા હતા અને આ લોકોએ અમને ધકકા મુકી કરી અમારા ઘરમા પ્રવેશ કરવાનો પ્રયાસ કરતા હતા અને આ સમયે અમોએ મારા ભાઇ તથા મારા પિતાને ઘરની બહાર આવવા દીધેલા નહી આ સમયે મારો ભાઇ અને મારા પિતા ઘરની અંદરથી બહાર જે બનાવ બનતો હતો તે જોતા હતા અને સાંભળતા હતા પછી મારા પિતાએ ઉ.નગર પો.સ્ટેમા ફોન કરેલ અને પછી પોલીસ આવેલી અને પોલીસ ે મારા પિતાને ઘરને બહાર આવવાનુ જણાવતા મારા પિતા ઘરની બહાર આવેલ અને મારા માસી તથા પુંજાબેન તથા મારા પિતા પોલીસના વાહનમાં બેસીને પો.સ્ટેમાં ફરીયાદ કરવા ગયેલા અને પો.સ્ટે અમારા કહેવા પ્રમાણે પોલીસ ફરીયાદ ન લીધી અને પછી અરજી આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલો.

બચાવપક્ષે કરવામાં આવેલી આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી મારા પિતા છે. એ વાત ખરી છે કે આજે પણ હું મારા પિતા સાથે રહુ છું અને આજરોજ મારા પિતાશ્રી મારી સાથે કોર્ટમાં

આવેલા છે. એ વાત ખરી છે કે આજરોજ પ્રથમવાર જ કોર્ટમાં જુબાની દેવા આવુ છુ. એ વાત ખરી નથી કે જુબાની કેમ દેવાય તે મારા પિતાએ મને શીખવાડેલ છે. એ વાત ખરી છે કે મે મારું નિવેદન વાંચેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વખતે મારા ભાઇ અને મારા પિતા ઘરની અંદર હતા. એ વાત ખરી છે કે અમારા ઘરની વચ્ચે મોટુ ફળીયું છે અને ત્યારબાદ ફળીયુ મુકતા ડેલી આવે છે અને આજુબાજુ રહેણાંક મકાનો આવેલા છે.એ વાત ખરી છે કે ઘરની બહાર કોઇ દેકારો કે જોરથી અવાજ આવે તો આડોશી પાડોશી આવી જાય. એ વાત ખરી છે કે બનાવ વખતે આડોશી પાડોશી આવેલ કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કેમારા પિતાશ્રી જે રીતે ફરીયાદ લખાવતા હતા તે પોલીસ લખતી ન હતી અને જુદી જ ફરીયાદ લખતી હતી. એ વાત ખરી છે કે અમો તથા અમારા પરિવારના તમામ સભ્યો ૫જ દિવસ સુધી ઉપવાસમા ઉતરેલા હતા. એ વાત ખરી નથી કે ત્યારબાદ પોલીસ સાચી ફરીયાદ લખાવવા તૈયાર થતા અમોએ ઉપવાસ આંદોલન સંકેલી લીધેલ હોય. એ વાત ખરી નથી કે મારા પિતા અજય બાપોદરા નામની વ્યકિત સામે ફરીયાદ કરવા માંગતા હતા. એ વાત ખરી છે કે આ અજય બાપોદરા નામનો માણસો અમારા વિસ્તારના નગરપાલીકાનો સભ્ય છે. એ વાત ખરી છે કે અમારા ઘર પાસે બસ સ્ટેન્ડ નજીક જે ખુલ્લી જગ્યા છે ત્યા અમારા પિતા આંબેડકર ભવન બનાવવા માંગતા અને આ અજય બાપોદરા નામનો વ્યકિત ત્યા બગીચો બનાવવા માંગતો હતો. એ વાત ખરી છે કે તે કારણે મારા પિતાને અને અજય બાપોદરાને ઘણી વખત બોલાચાલી થતી. એ વાત ખરી છે કે તે સબંધે મારા પિતાએ કલેકટર તથા પોલીસમા અજય બાપોદરા સામે અરજીઓ કરેલી હતી. એ વાત ખરી છે કે અમારા પિતાનો વિરોધ હોવા છતા તે ખુલ્લી જગ્યામા હાલ બગીચો બની ગયો છે. એ વાત ખરી છે કે હું મારા પિતા સાથે પોલીસચોકીએ ગયેલ ન હોય આથી મારા પિતાએ કોની સામે ફરીયાદ લખાવેલ તે મને ખબર નથી. સાહેદ ખુલાસામા જણાવે છે કે હાલના આરોપીઓ સામે ફરીયાદ લખાવેલી. એ વાત ખરી છે કે પોલીસ મારા પિતા જે મુજબ ફરીયાદ લખાવવા માંગતા હતા તે મુજબ પોલીસ ફરીયાદ લખતા હતા તે બાબત મારા પિતાએ મને જણાવેલ હતી. એ વાત ખરી છે કે પોલીસ ચોકીએ કઇ બાબતે માથાકુટ ચાલતી હતી તે વિશે હું કંઇ જાણતી નથી. એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલ, બનાવ સબંધે મારુ કોઇ નિવેદન લીધેલ નહી. એ વાત ખરી નથી કે ખરેખર કોઇ બનાવ બનેલો જ ન હોય પરંતુ અમારા પિતા બોખીરાની ખુલ્લી જગ્યામાં બગીચો બનાવ દેવા માંગતા ન હોય તેથી ત્યાંના રહેવાશીઓને હેરાન કરવા માટે અમો ઘરના બધા સભ્યો સાથે મળીને ખોટી ફરીયાદ કરવાનો પ્લાન બનાવેલ હોય અને તેના ભાગ સ્વરૂપે હાલના આરોપીઓ સામે ખોટી ફરીયાદ કરેલી છે અને ફરીયાદી મારા પિતા હોવાને કારણે તેને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે આરોપીઓમારા

વિસ્તારના જ હોવાને કારણે ફરીયાદ અગાઉથી જ તેને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે આ બનાવમા વપરાયેલ હથીયારો મને પોલીસ ચોકીએ પોલીસે બતાવેલા હતા. એ વાત ખરી છે કે મે મારા પોલીસ નિવેદનમાં એવું લખાવેલ હતુ કે " જેથી અમો તથા મારા પિતા ઘરમાથી બહાર નીકળેલા નહી" એ વાત ખરી છે કે હથીયારો મે જોયેલ હોવાની ખોટી હકીકત જણાવુ છુ.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ હેમલતાબેન પરબતભાઈ મકવાણાને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે, બનાવ તા.૧૩/૦૧/૨૦૧૯ ના રોજ બોખીરા બસ સ્ટેન્ડની સામે અમારા રહેણાંક મકાને રાત્રીના નવ, સાડા નવ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે અમારા ઘરે હું, મારા પિતા પરબતભાઇ, મારી માતા ભાવનાબેન, મારો ભાઈ ધર્મેન્દ્ર, મારી બહેન ક્રિષ્ના તથા મારા દાદીમા લક્ષ્મીબેન અને મારા કાકાની દિકરી નીતાબેન હાજર હતા. બનાવના અરસામાં અમો અમારા ઘરે જમવા બેઠા હતા ત્યારે ત્રણ જણા અમારા ઘરના ડેલા પાસે આવેલા અને ભુંડી ગાળો બોલતા હતા અને તેઓની પાસે હથીયાર હતા તેનાથી અમારા ઘરે પછાડતા હતા અને કહેતા હતા કે પરબતીયાને કાઢો પરંતુ મારા પપાને બહાર નીકળવા દીધેલ નહી અને હું તથા મારા મમ્મી બહાર નીકળેલા ત્યારે જયેશ, કૈશીક અને પ્રહલાદ આ ત્રણેય કહેતા હતા કે પરબતીયાને બહાર કાઢો તેમ કહી ગાળો બોલતા હતા અને તેને મારવો છે તેમ કહેતા આ સમયે જયેશ પાસ ે લોખંડનો પાઇપ, કૈશીક પાસે હોકી તથા પ્રહલાદ પાસે ટોમી હતી. બાદ મારા પપાએ પોલીસને જાણ કરતા પોલીસ આવેલી અને આ ત્રણેય ઇસમોને પોલીસ લઇ ગયેલી અને બનાવ બાબતે મારા પિતા પરબતભાઈએ પોલીસ ફરીયાદ કરેલી. બનાવ બાબતે પોલીસે મારી પૂછપરછ કરી મારો જવાબ લીધેલો. આરોપીઓને જોયેથી ઓળખુ છુ.બનાવ બનવાનું કારણ અમારા ઘરની સામે આવેલ બગીચાના મનદુ:ખને કારણે બનેલ.

બચાવપક્ષે કરવામાં આવેલ આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મારા પપા હાંડી સમાજના પ્રમુખ છે. એ વાત ખરી છે કે બોખીરા બસ સ્ટેન્ડની પાછળ અમારુ રહેણાંક મકાન છે અને ત્યાં મંદિર બનાવેલ છે. એ વાત ખરી છે કે બોખીરા બસ સ્ટેન્ડની સામે આવેલ ખુલ્લી જગ્યામાં મારા પિતાને આંબેડકર ભવન બનાવવુ હતુ અને અજય બાપોદરા નામના માણસને ત્યાં બગીચો બનાવવો હતો. એ વાત ખરી છે કે તે બાબતે મારા પિતા

અને અજય બાપોદરાને મનદુ:ખ રહેતુ હતુ. એ વાત ખરી છે કે તે બાબતે મારા પિતાએ કલેકટર, મામલતદાર તથા પોલીસમાં અરજીઓ કરેલી હતી. એ વાત ખરી છે કે મારા પિતાને કોઇ અરજીઓ કામ આવેલ નહી અને ત્યાં બગીચો બની ગયેલ છે. આ બનાવની પોલીસ ફરીયાદ કરવા માટે મારા મોટા માસી માલીબેન હીરાભાઇ દલ અને મારા પિતા પરબતભાઇ ગયેલા. રાત્રીના દસ પોણા દસ વાગ્યે ગયેલા હતા. એ વાત ખરી છે કે તેને પોલીસની જીપમાં લઇ ગયા હતા. એ વાત ખરી છે કે અજય બાપોદરા નામની વ્યકિત મારા પિતા સામે ફરીયાદ કરેલ હોય તેથી પોલીસ મારા પિતાને જીપમાં બેસાડી પોલીસચોકીએ લઇ ગયા હતા.એ વાત ખરી નથી કે મારા પિતાને પોલીસચોકીએ લઇ ગયા બાદ મારા પિતાએ અજય બાપોદરા સામે ફરીયાદ કરવાનું જણાવતા પોલીસે તેની સામે ફરીયાદ ન લેતા અમારા ઘરના તમામ સભ્યોએ અપવાસ આંદોલન કરેલું. એ વાત ખરી છે કે મે તથા મારા પિતાએ પ૪ દિવસ સુધી અપવાસ આંદોલન કરેલુ. આ અપવાસ અમારે એટલા માટે કરવો પડેલ હતો કે અમારા કહેવા પ્રમાણે પોલીસ ફરીયાદ લખતી ન હતી. એ વાત ખરી છે કે પોલીસ જે ફરીયાદ લખતી હતી તે ખોટી લખતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે અમારા કહેવા પ્રમાણે ફરીયાદ લખેલ નહી. આ પ૪ દિવસના અપવાસ પછી પણ પોલીસે અમારા કહેવા મુજબની ફરીયાદ લખેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ ઠામ પુછેલુ હતુ. હવે સાહેદ જણાવે છે કે પોલીસે અમારી પુછપરછ કરેલી હતી. એ વાત ખરી નથી કે અમો આ જુબાની દેવા આવ્યા તે પહેલા મારા પિતાએ મારા જવાબની નકલ વંચાવી છે . એ વાત ખરી છે કે મારા પિતા આ કામના ફરીયાદી છે અને આજરોજ મારી સાથે આવેલા છે. બનાવના બીજા દિવસે અમો બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ પાસે ઉપવાસમાં બેઠેલા હતા ત્યાં પોલીસ મારો જવાબ લેવા આવ્યા હતા. પોલીસ આવી ત્યારે મારા મમી, પપા, ભાઇ–બહેન અને મારા બીજા બે માસી હાજર હતા અને પોલીસે અમો હાજર તમામના જવાબ વારાફરતી લીધા હતા. ત્યાં પોલીસ કલાક દોઢ કલાક રોકાયેલી હતી. એ વાત ખરી છે કે પોલીસે જવાબ હાથે લખેલા હતા અને અમારી સહીઓ કરાવેલી. એ વાત ખરી છે કે અમારી સહી કરાવી તે પહેલા તેમાં શું લખેલ તે અમોને વાંચવા આપેલ નહી. એ વાત ખરી છે કે પોલીસે મારા નિવેદનમાં શું લખ્યું તે મને ખબર નથી. એ વાત ખરી છે કે હું જેવુ લખાવતી હતુ તેવુ પોલીસ લખતી ન હતી. એ વાત ખરી છે કે બનાવની રાત્રે અમારા ઘર પાસે ઘણા

બધા લોકો ભેગા થયા હતા. એ વાત ખરી નથી કે બારોબાર અંધારુ હોવાને કારણે ટોળામાં કોણ કોણ વ્યકિત હતા તેને જોયેલ નથી. આ ટોળામાં કોણ કોણ હતુ તેના નામ હું ચોકકસ જણાવી શકુ નહી. એ વાત ખરી છે કે મારા ઘરની આજુબાજુમાં રહેણાંક વિસ્તાર છે અને કોઈ દેકારો કે અવાજ થાય તો ઓડોસી પાડોસી આવી જાય. આડોસી પાડોસી હતા કે કેમ તે મારું ધ્યાન ન હતુ. એ વાત ખરી છે કે અમો બનાવ સમયે ડેલા પાસે હતા અને આ અમારા ઘરનો ડેલો અમારી હાઈડ કરતા ઉંચી છે. એ વાત ખરી નથી કે બનાવ સમયે અમોએ ડેલો ખોલેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે વખતે રીપેરીંગ કામ ચાલતુ હોય ડેલો કાઢી નાં ખેલો. ત્યાં અજય બાપોદરા નામનો વ્યકિત હાજર હતો. એ વાત ખરી છે કે અમારે મુખ્ય ફરીયાદ અજય બાપોદરા સામે કરવાની હતી પણ પોલીસ તે લેતી ન હોય તે માટે આંદોલન કર્યુ હતુ. એ વાત ખરી છે કે આરોપી પૈકી જયેશભાઈની અમારા ઘર પાસે દુધની ડેરી આવેલ છે અને બનાવના અરસા અગાઉથી હુ તેને ઓળખુ છુ. બાકીના બંને આરોપીઓ વિશે હું જાણતી નથી. એ વાત ખરી નથી કે હું બંને આરોપીઓને અગાઉથી ઓળખતી ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કૈશીકભાઈ અગાઉ પકોડા વેંચવા આવતા હતા એટલે ઓળખતી હતી. એ વાત ખરી નથી કે આજુબાજુના વિસ્તારના તમામ લોકો અમારા પિતાને સમજાવવા માટે મીટીંગ રાખેલી હતી. એ વાત ખરી નથી કે અમારા પિતાને કોઈ પણ રીતે અમારા પિતાને આંબેડકર ભવન બનાવવું હોય અને જાહેર બગીચો બનવા દેવો ન હોય તેથી સમાધાનની વાતચીત કરવાને બદલે ભેગા થયેલા તમામ લોકો સામે ફરીયાદ દાખલ કરવા માટે પોલીસને ફોન કરી દીધેલ હતો. એ વાત ખરી નથી કે પોલીસે આવા તમામ લોકો સામે ફરીયાદ લેવાની ના પાડેલ હોવાને કારણે અમારે આંદોલન કરવુ પડેલ હતું . એ વાત ખરી નથી કે હાલના આરોપીઓ અજય બાપોદરાના ખાસ મિત્રો હોય, તેને ખોટી રીતે સંડોવી દેવા કોઈ બનાવ બનેલ  ન હોવા છતા આખો ખોટો બનાવ અમો પરીવારના સભ્યોએ ઉભો કરેલ છે. એ વાત ખરી નથી કે અમો કોઈ ઘરની બહાર નીકળેલા જ ન હોય અને બહાર કોણ ઉભુ છે તેની જાણ જ ન હોય પરંતુ અમારા પિતાએ ત્રણ વ્યકિત સામે ફરીયાદ નોંધાવેલી છે તેને સમર્થન આપવા હાલની ત્રણ વ્યકિત હાજર હોવાનુ ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે બનાવ સબંધે હું કાંઈ જાણતી ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૧૮) આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ નીતાબેન પ્રેમજીભાઈ મકવાણા આંક ૪૦ થી સોગંદ ઉપર જુબાની આપતા જણાવે છે કે, પરબતભાઇ (ફરીયાદી) મારા મોટા બાપુ થાય છે. બનાવ તા. ૧૩/૦૧/૨૦૧૯ ના રોજ બોખીરા બસ સ્ટેન્ડની સામે, દુધની ડેરીની સામે મારા મોટા બાપુ પરબતભાઇના રહેણાંક મકાને રાત્રીના નવ, સાડા નવ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે મારા મોટાબાપા પરબતભાઇના ઘરે બાજુના રૂમમાં હું અને મારા દાદી લક્ષ્મીબેન સાથે હાજર હતી મારા મોટાબાપા મોટાબાપાના ઘરે મારા મોટી માં ભાવનાબેન, ધર્મેન્દ્ર, ક્રિષ્નાબેન હાજર હતા. બનાવના અરસામાં અમો ઘરમાં મારા મોટાબાપા ઘરે જમવા બેઠા હતા ત્યારે ત્રણ છોકરાઓ અમારા ઘરના ડેલા પાસે આવેલા અને પરબતીયાને બહાર કાઢો એમ કહી ભુંડી ગાળો બોલતા હતા અને કહેતા હતા કે પરબતીયાને મારી નાંખવો છે આ ત્રણ જણામાં જયેશ, પ્રહલાદ અને કૈશીક હતા આ લોકો અમારી ડેલી પાસે ઉભેલા હતા એટલે અમોએ તેઓને જોયેલા અને એવું બોલતા હતા કે પરબતીયાને બહાર કાઢો જેથી અમોએ કહેલ કે જમવા બેઠા છે તો પણ તેઓ સાંભળતા ન હતા, મારા મોટા બાપુએ પોલીસને ફોન કરતા પોલીસ ત્યાં આવેલી અને અમે જેમ ફરીયાદ આપતા હતા તેમ પોલીસ લખતી ન હતી અને મારા મોટા બાપુ પોલીસની સાથે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ.

બચાવપક્ષે કરવામાં આવેલ આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મારા મોટા બાપુ હાંડી સમાજના પ્રમુખ છે. એ વાત ખરી છે કે બોખીરા બસ સ્ટેન્ડની પાછળ મારા મોટાબાપુનુ ઘર રહેણાંક મકાન છે અને ત્યા મંદિર બનાવેલ છે. એ વાત ખરી છે કે બોખીરા બસ સ્ટેન્ડની સામે આવેલ ખુલ્લી જગ્યામાં મારા મોટાબાપાને આંબેડકર ભવન બનાવવાનુ હતુ અને અજય બાપોદરા નામના માણસને ત્યાં બગીચો બનાવવો હતો. એ વાત ખરી છે કે તે બાબતે મારા મોટાબાપા અને અજય બાપોદરાને મનદુ:ખ રહેતુ હતુ. એ વાત ખરી છે કે તે બાબતે મારા મોટાબાપાએ કલેકટર, મામલતદાર તથા પોલીસમાં અરજીઓ કરેલી હતી. એ વાત ખરી છે કે મારા મોટાબાપાની કોઈ અરજીઓ કામ આવેલ નહી અને ત્યાં હાલ બગીચો બની ગયેલ છે. એ વાત ખરી છે કે બનાવ સમયે પોલીસ જયારે ઘરે આવી ત્યારે મારા મોટાબાપાએ ત્યાં જ

ફરીયાદ લખાવેલી હતી પરંતુ મારા મોટાબાપા જેમ ફરીયાદ લખાવતા હતા તેમ પોલીસ ફરીયાદ લખતી ન હતી. એ વાત ખરી છે કે મારા મોટાબાપા અજય બાપોદરા સામે ફરીયાદ કરવા માંગતા હતા. એ વાત ખરી છે કે અજય બાપોદરા નામની વ્યકિત પોરબંદર નગર પાલિકાની સભ્ય હોય આથી પોલીસ તેની સામે ફરીયાદ લખતી ન હતી. એ વાત ખરી છે કે તે સંબંધે મારા મોટાબાપા અને પોલીસ વચ્ચે રકજક થયેલી હતી. એ વાત ખરી છે કે ત્યારબાદ પોલીસ દવારા મારા મોટાબાપાને પોલીસ જીપમાં બેસાડીને પોલીસચોકીએ લઈ ગયેલા તે વખતે મારા મારા મોટાબાપા પરબતભાઈ અને ભાવનાબેન પોલીસચોકીએ ગયેલા હતા તેમજ મારી માસી મીનાબેન પણ પોલીસચોકીએ ગયેલા હતા. એ વાત ખરી છે કે મારા મોટાબાપા જે મુજબની પોલીસ ફરીયાદ લખાવતા હતા તે મુજબ પોલીસ ફરીયાદ લખેલ ન હતી. એ વાત ખરી છે કે તે જ કારણે મારા મોટાબાપાએ પ૪ દિવસ સુધી અપવાસ કરેલા હતા. એ વાત ખરી છે કે ત્યારબાદ પોલીસે હાલના આરોપીઓ સામે હાલની ફરીયાદ લખેલી હતી. એ વાત ખરી છે કે આ પ૪ દિવસ પછી ફરીયાદમાં સુધારો થયા બાદ પોલીસે અમારું નિવેદન લીધેલુ હતુ. એ વાત ખરી છે કે અગાઉ ની ફરીયાદ સબંધે પોલીસ અમો લખાવતા હતા તે પ્રમાણે લખતી ન હતી પરંતુ પોલીસે તેઓની રીતે લખતા હતા. એ વાત ખરી છે કે પોલીસે મારું પ્રથમ નિવેદન મારા મોટાબાપાની ઘરે આવીને લખેલ હતુ તે વખતે ઘરમાં મોટાબાપા, મોટી માં હાજર હતા તથા ધર્મેન્દ્ર અને ક્રિષ્ના તથા હેમલતા સ્કુલે ગયા હતા. પોલીસે ત્યારે મારું તથા મોટાબાપા પરબતભાઈનુ નિવેદન લીધેલુ તથા મારી મોટી મા નુ પણ નિવેદન લીધેલુ હતુ. એ વાત ખરી છે કે મારુ નિવેદન હું લખાવતી હોય તેમ પોલીસે ન લખતા પોલીસે પોતાની રીતે લખીને મારી સહી કરાવેલી હતી. એ વાત ખરી છે કે તે વખતે મે પોલીસને કહેલ કે હું લખાવુ તેમ નિવેદન લખો પણ પોલીસે તે રીતે લખેલ નહી અને તેની રીતે નિવેદન લખી લીધેલ. એ વાત ખરી છે કે પોલીસે મારા નિવેદનમાં શું લખેલ તે મને ખબર નથી કારણ કે મે નિવેદન વાંચેલ નહી. એ વાત ખરી છે કે અમારા મોટા બાપાના ઘર પાસે જે લોકો આવેલા હતા તે ઘણા બધા લોકો હતા. આ ટોળામાં અંદાજે ૨૦ થી ૩૦ જણા હશે તેમાંથી હું આજુબાજુમાં રહેતા થોડાકને ઓળખતી હતી. જેમાં વિનોદભાઈ, પુરીબેન, કૃતીબેન અને તે સીવાયના બીજા કોઈને મે જોયેલ નહી કારણ કે બનાવ સમયે અંધારુ હતુ. એ વાત ખરી છે કે બનાવ વખતે અમો અમારા ઘરમાં હતા અને મોટાબાપાએ તેમના ઘરમાં જમતા

હતા. અમો જુના વાસમાં રહીએ છીએ અને મારા મોટાબાપા નવા વાસમાં રહે છે. અમારા ઘરથી મોટાબાપુનુ ઘર થોડુંક આઘુ થાય. એ વાત ખરી છે કે જે ટોળુ ભેગુ થયેલું તે ડેલીની બહાર હતુ. એ વાત ખરી નથી કે તે વધારે લોકો હોવાને કારણે ડેલી ખોલેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ડેલી હતી જ નહી. એ વાત ખરી છે કે પરબતભાઇ ઘરની અંદર જમતા હતા. એ વાત ખરી છે કે મારા કહેવા મુજબ પરબતભાઈ અગાઉ ઘરની બહાર નીકળેલ જ  ન હતા પરંતુ પોલીસ આવ્યા બાદ ઘરની બહાર આવ્યા હતા.એ વાત ખરી છે કે આ બનાવની ફરીયાદ કોણે લખાવેલ તે મને ખબર નથી કારણ કે હું પોલીસચોકીએ ગયેલ ન હતી.  એ વાત ખરી નથી કે મારા મોટાબાપાને કોની સામે ફરીયાદ લખાવવી હતી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે હું આજે જે જુબાની દેવા આવી છે તે  સબંધે મારા મોટાબાપાએ નિવેદન વંચાવેલ અને શીખાડેલ છે.  એ વાત ખરી છે કે આરોપી પૈકી જયેશભાઈની અમારા ઘર પાસે દુધની ડેરી આવેલ છે અને બનાવના અરસા અગાઉથી હું તેને ઓળખુ છુ. બાકીના બંને આરોપીઓ વિશે હું જાણતી નથી. એ વાત ખરી નથી કે હું બંને આરોપીઓને અગાઉથી ઓળખતી ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કૈશીકભાઇ અગાઉ પકોડા વેંચવા આવતા હતા એટલે ઓળખતી હતી. એ વાત ખરી નથી કે આજુબાજુના વિસ્તારના તમામ લોકો અમારા પિતાને સમજાવવા માટે મીટીંગ રાખેલી હતી. એ વાત ખરી નથી કે અમારા પિતાને કોઇ પણ રીતે અમારા પિતાને આંબેડકર ભવન બનાવવુ હોય અને જાહેર બગીચો બનવા દેવો ન હોય તેથી સમાધાનની વાતચીત કરવાને બદલે ભેગા થયેલા તમામ લોકો સામે ફરીયાદ દાખલ કરવા માટે પોલીસને ફોન કરી દીધેલ હતો. એ વાત ખરી નથી કે પોલીસે આવા તમામ લોકો સામે ફરીયાદ લેવાની ના પાડેલ હોવાને કારણે અમારે આંદોલન કરવુ પડેલ હતું . એ વાત ખરી નથી કે હાલના આરોપીઓ  અજય બાપોદરાના ખાસ મીત્રો હોય, તેને ખોટી રીતે સંડોવી દેવા કોઇ બનાવ બનેલ  ન હોવા છતા આખો ખોટો બનાવ અમો પરિવારના સભ્યોએ ઉભો કરેલ છે. એ વાત ખરી નથી કે અમો કોઇ ઘરની બહાર નીકળેલા જ ન હોય અને બહાર કોણ ઉભુ છે તેની જાણ જ ન હોય પરંતુ અમારા મોટાબાપા ત્રણ વ્યકિત સામે ફરીયાદ નોંધાવેલી છે તેને સમર્થન આપવા હાલની ત્રણ વ્યકિત હાજર હોવાનુ ખોટું જણાવુ છુ. એ વાત ખરી નથી કે બનાવ સબંધે હું કાંઇ જાણતી ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૧૯) આ કામમાં ફરીયાદપક્ષે પોલીસ સાહેદ હરદારભાઈ મ્યાંનઝરભાઈ આગઠ આંક–૪૭ થી તેઓની જુબાની આપતા જણાવે છે કે, સને–૨૦૧૯ ના અરસામા અમો ઉદ્યોગનગર પો.સ્ટેમા હેડ.કોન્સ તરીકે ફરજ બજાવતા હતા અને પી.એસ.આઇ તરીકે યુ.બી.અખેડનાઓ હતા અને તા. ૧૪/૧/૧૯ ના રોજ કં ટ્રોલ તરફથી પી.એસ.આઇ યુ.બી.અખેડના મોબાઇલ ઉપર વર્ધી આવેલ અને જણાવેલ કે, બોખીરામા રહેતા પરબતભાઇ મંગાભાઇએ કંટ્રોલ રૂમને જણાવેલ કે તેઓને મારવા માટેકોઇ ઇસમો આવેલ છે અને તેવી વર્ધી યુ.બી.અખેડને મળતા અમો તથા પી.એસ.આઇ તથા સ્ટાફના માણસો બોખીરા વિસ્તારમા પરબતભાઇના રહેણાંક મકાને સરકારી વાહન લઇને ગયેલા તેના ઘરની પાસે ત્રણ ઇસમો ઉભેલ હતા જેમાં જયેશ, પ્રહલાદ અને કૈશીક નામે હતા અને આ ત્રણ ઇસમોની અમો પરબત મં ગાભાઇના ઘર પાસે પુછપરછ કરતા હતા આ દરમ્યાન પરબતભાઇ મંગાભાઇ તેના ઘરમાથી બહાર નીકળી આવેલ અને અમોને જણાવેલ કે આ ત્રણ ઇસમો અમોને મારવા માટે આવેલ હતા અને મારે ફરીયાદ કરવી છે બાદ આ ત્રણ ઇસમો તથા મંગા પરબતભાઇને સરકારી વાહનમા બેસાડી પો.સ્ટે લઇ ગયેલ, પરબતભાઇએ પી.એસ.આઇ યુ.બી. અખેડ રૂબરૂ પોતાની ફરીયાદ આપેલી અને આ ત્રણ ઇસમો પૈકી જયેશ તથા પ્રહલાદ કેફી પીણુ પીધેલ હાલતમા હતા તેઓ વિરૂધ્ધ અલગથી ગુન્હો દાખલ કરવામા આવેલ. તપાસના કામે ત.ક.અશ્રી વાઢેર સાહેબે મારુ નિવેદન લીધેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ.

બચાવપક્ષે કરવામાં આવેલ આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તમે જયારે ફોન પર જણાવેલ સ્થળે પહોચ્યા ત્યારે આ ત્રણેય ઇસમો ત્યા ઉભેલા હતા. એ વાત ખરી છે કે, ત્યાં આ ત્રણેય કોઇની સાથે ઝઘડો કરતા કરતા હોય કે ગાળા ગાળી કરતા હોય કે મારા મારી કરતા હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીના કહેવાથી અમે ત્રણેય ઇસમોને પો.સ્ટે લઇ આવેલા. એ વાત ખરી છે કે, અમારા રૂબરૂ આ ત્રણેય ઇસમોએ કોઇ ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ ખુલાસામા જણાવે છે કે ત્રણ પૈકી બે પીધેલ હાલતમા હોય પી.એસ.આઇ અખેડ સાહેબે અલગથી કાર્યવાહી કરેલી. એ વાત ખરી નથી કે, ફરીયાદીની

ફરીયાદની`સમર્થન આપવા હુ ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, ફરીયાદીએ જણાવેલ કોઇ બનાવ બનેલ ન હોવા છતા આરોપીઓને ખોટી રીતે ધરપકડ કરવામા આવેલ. એ વાત ખરી છે કે બનાવ સ્થળે અમારા થાણા ઇન્ચાર્જ પી.એસ.આઇ અખેડ સાહેબને મળેલ બાતમીના આધારે અમોને સુચના કરતા બનાવ સ્થળે ગયેલા.

(૨૦) આ કામમાં ફરીયાદપક્ષે પોલીસ સાહેદ વિજયભાઈ ખીમાભાઈ ભીંભા આંક–૫૦ થી તેઓની સોગંદ ઉપર જુબાની આપતા જણાવે છે કે, સને–૨૦૧૯ ના અરસામાં અમો ઉદ્યોગનગર પો.સ્ટેમા લોક રક્ષક કોન્સ તરીકે ફરજ બજાવતા હતા અને પી.એસ.આઇ તરીકે યુ.બી.અખેડનાઓ હતા અને તા.૧૩/૧/૧૯ ના રોજ કં ટ્રોલ તરફથી પી.એસ.આઇ યુ.બી.અખેડના મોબાઇલ ઉપર વર્ધી આવેલ અને જણાવેલ કે, બોખીરામાં રહેતા પરબતભાઇ મંગાભાઇએ કંટ્રોલ રૂમને જણાવેલ કે તેઓને મારવા માટે કોઈ ઈસમો આવેલ છે અને તેવી વર્ધી યુ.બી.અખેડને મળતા અમો તથા પી.એસ.આઇ તથા સ્ટાફના માણસો બોખીરા વિસ્તારમાં પરબતભાઇના રહેણાંક મકાને સરકારી વાહન લઇને ગયેલા તેના ઘરની પાસે ત્રણ ઈસમો ઉભેલ હતા જેમાં જયેશ, પ્રહલાદ અને કૈશીક નામે હતા અને આ ત્રણ ઈસમોની અમો પરબત મં ગાભાઈના ઘર પાસે પુછપરછ કરતા હતા આ દરમ્યાન પરબતભાઈ મંગાભાઈ તેના ઘરમાંથી બહાર નીકળી આવેલ અને અમોને જણાવેલ કે આ ત્રણ ઈસમો અમોને મારવા માટે આવેલ હતા અને મારે ફરીયાદ કરવી છે બાદ આ ત્રણ ઈસમો તથા મંગા પરબતભાઈને સરકારી વાહનમા બેસાડી પો.સ્ટે લઈ ગયેલ, પરબતભાઈએ પી.એસ.આઇ યુ.બી. અખેડ રૂબરૂ પોતાની ફરીયાદ આપેલી અને આ ત્રણ ઈસમો પૈકી જયેશ તથા પ્રહલાદ કેફી પીણુ પીધેલ હાલતમાં હતા તેઓ વિરૂધ્ધ અલગથી ગુન્હો દાખલ કરવામાં આવેલ. તપાસના કામે ત.ક.અશ્રી વાઢેર સાહેબે મારુ નિવેદન લીધેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ.

બચાવપક્ષે કરવામાં આવેલ આ પોલીસ સાહેદની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, તમે જયારે ફોન પર જણાવેલ સ્થળે પહોચ્યા ત્યારે આ ત્રણેય ઈસમો ત્યાં ઉભેલા હતા. એ વાત ખરી છે કે, ત્યાં આ ત્રણેય

કોઈની સાથે ઝઘડો કરતા કરતા હોય કે ગાળા ગાળી કરતા હોય કે મારા મારી કરતા હોય તેવુ મારી રૂબરૂ બનેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીના કહેવાથી અમે ત્રણેય ઈસમોને પો.સ્ટે લઈ આવેલા. એ વાત ખરી છે કે, અમારા રૂબરૂ આ ત્રણેય ઈસમોએ કોઈ ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ ખુલાસામાં જણાવે છે કે ત્રણ પૈકી બે પીધેલ હાલતમા હોય પી.એસ.આઈ અખેડ સાહેબે અલગથી કાર્યવાહી કરેલી. એ વાત ખરી નથી કે, ફરીયાદીની ફરીયાદની`સમર્થન આપવા હું ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, ફરીયાદીએ જણાવેલ કોઈ બનાવ બનેલ ન હોવા છતા આરોપીઓને ખોટી રીતે ધરપકડ કરવામાં આવેલ. એ વાત ખરી છે કે બનાવ સ્થળે અમારા થાણા ઈન્ચાર્જ પી.એસ.આઈ અખેડ સાહેબને મળેલ બાતમીના આધારે અમોને સુચના કરતા બનાવ સ્થળે ગયેલા. એ વાત ખરી છે કે આ ત્રણેય આરોપીઓને અમે સાથે લઈ ગયેલા ત્યારે આ ત્રણેય આરોપીઓની પાસે હથીયારો હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે અમો ત્યા પહોચ્યા ત્યારે ત્યા ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હતા. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૨૧) આ કામમાં ફરીયાદપક્ષે ફરિયાદ લેનાર પોલિસ સાહેદ ઉષાબેન ભિમશીભાઈ અખેડ આંક-૫૧ થી તેઓની સોગંદ ઉપર જુબાની આપતા જણાવે છે કે, સને-૨૦૧૯ ના અરસામાં અમો ઉદ્યોગનગર પો.સ્ટેમા પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા અને તા.૧૩/૧/૧૯ ના રોજ હતા આ દરમ્યાન અમોને પી.એસ.ઓ તરફથી ફોન આવેલ અને પી.એસ.ઓને કંટ્રોલ તરફથી વર્ધી મળેલ હતી અને જણાવેલ કે બોખીરા બસ સ્ટેન્ડ પાસે પરબતભાઈ મંગાભાઈ મકવાણા સાથે કોઈ ઈસમોએ ઝઘડો કરેલ હોય તેવી હકકીત અમોને મળતા ત્યાં ૧ ૦૦ નંબર ગયેલી અને તેઓને ૧૦૦ નંબર મારફતે પોલીસ સ્ટેશને લાવતા ફરીયાદી

પરબતભાઇ મંગાભાઇ મકવાણા રહે. બોખીરાવાળાએ અમારા રૂબરૂ આરોપીઓ જયેશભાઇ ભાયાભાઇ ઓડેદરા, પ્રહલાદ મેરુભાઇ, કૌશીકભાઇ વિરૂધ્ધ પોતાની ફરીયાદની હકીકત જાહેર કરતા અમોએ તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લીધેલ, ફરીયાદ લીધા બાદ આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. ક. ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસીટી એકટ ૩(૨), (૫–એ) વિગેરે તથા જી.પી.એકટ ક.૧૩૫ મુજબ ઉ.નગર પો.સ્ટેમા ગુન્હા રજી. થવા પી.એસ.ઓને યાદી કરેલી. તેમ જણાવે છે અને આંક પર થી ગુનો રજિસ્ટર કરવા કરેલ યાદી રજૂ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ આ પોલીસ સાહેદની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે હું બનાવના સ્થળે ગયેલ નથી. મારા કહેવા મુજબ પ્રથમ ૧૦૦ નંબરની જીપ બનાવના સ્થળે પહોચેલી હતી. મને ૧૦૦ નંબની જીપના બેઠેલા કોઇ પોલીસ સ્ટાફે જાણ કરેલી નહી. મને પી.એસ.ઓએ જાણ કરેલી. હું જયારે બનાવ સ્થળે પહોચી ત્યારે ફરીયાદ પક્ષાના ત્રણથી ચાર જણા અને આરોપીઓ માથાકુટ કરીને મને સામા મળેલ હતા અને મે તેને પુછેલ કે અહી તમારુ ઘર નથી તો અહીં શું કરો છો. એ વાત ખરી છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમા કયાંય કોઇ આરોપીઓના નામ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આખી ફરીયાદમા " ત્રણ વ્યકિત" એવુ જ લખેલ છે.એ વાત ખરી છે કે ફરીયાદીનુ કોઇ વિશેષા નિવેદન અમોએ લીધેલ નથી. એ વાત ખરી છે કે, મે જે કાંઇ કામગીરી કરી તે દરમ્યા ફરીયાદીએ આ ત્રણ વ્યકિતના નામ જણાવેલ હોય તેવો કોઇ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ મેન્યુઅલ મુજબ ફરીયાદીએ જે શબ્દોમા ફરીયાદ લખાવેલી હોય તે જ શબ્દોમા ૧૫૪ ના ફોર્મમા લખવાનુ હોય છે. ૧૫૪ ના ફોર્મમાં કોઇ આરોપીઓના નામ લખાવેલા તે બાબતે હું કાંઇ જાણતી નથી. મને આંક–૩૦ વાળી ફરીયાદ બતાવવામા આવે છે તે જોઇને હું કહુ છુ કે આખી ફરીયાદમાં

આરોપીઓએ ફરીયાદીને બહાર કાઢો તેટલું જ લખાવેલ છે તે સીવાય ફરીયાદીને ગાળો આપેલ હોય કે જાતિ વિષયેક અપમાનિત શબ્દો બોલેલા હોય તેવુ ફરીયાદમાં નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમા એવુ લખાવેલ છે કે "ત્રણેય જણાને પોલીસે પુછપરછ માટે રોકેલા તે દરમ્યાન અમોએ જોતા ચારેય બાજુ તેના માણસોના ચારેય બાજુ ટોળા ઉભા હતા ". એ બાબતે હુ કાંઇ જાણતી નથી કે ફરીયાદીએ મારા વિરૂઘ્ધ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરેલી હતી અને અપવાશ આંદોલન કરેલું હતુ. હાલ મને યાદ નથી કે અમો સ્થળ પર પહોચેલા ત્યારે આરોપીઓના હાથમા હથીચાર હતા કે કેમ. હાલ મને યાદ નથી કે આવા હથીચારો અમો પો.સ્ટે સાથે લઇ ગયેલા કે કેમ. એ વાત ખરી નથી કે ફરીયાદીએ અજય બાપોદરા નામની વ્યકિત સામે ફરીયાદ લખાવેલી હતી પરંતુ તે પોરબંદર નગરપાલિકાનો સભ્ય હોય તેથી પોલીસ સ્ટેશનમાં દારૂ પીવાના કેસમાં પકડેલા હોય તેઓની સામે હાલની ખોટી કાર્યવાહી કરેલ છે. એ વાત ખરી નથી કે, ગાળો કાઢેલી હોય તેવી કોઇ બાબત ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી નથી કે ફરીયાદને અનુરૂપ અમોએ ખોટું નિવેદન લખાવેલ છે.

(૨૨) આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ નરેન્દ્ર સામતભાઈ ચૌહાણ આંક–૫૩ થી તેઓની સોગંદ ઉપર જુબાની આપતા જણાવે છે કે, હું છેલ્લાં ૯ વર્ષથી જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી પોરબંદર ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ તથા છેલ્લા ૨ માસથી કલાર્ક હોમશાખામાં ફરજ બજાવુ છુ. હોમશાખામાં અલગ અલગ પ્રકારની જાહેરનામા તથા હથિયાર લાયસન્સની કામગીરી કરવામાં આવે છે. ગઇ તા. ૨૧/૧૨/૨૦૧૮ ના રોજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર દવારા ગુજરાત પોલીસ અધિ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) અન્વયેનુ હથિયારબંધીનુ જાહેરનામુ પોરબંદર જીલ્લામાં પ્રસિદ્ધ

કરવા દરખાસ્ત આવતા એમ.એ. પંડયા(આઇ.એ.એસ) જીલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર દવારા તા. २९/१२/१८ થી તા. २६/१/१९ બંને દિવસો સહિત હથિ. બંધીનુ જાહેરનામુ તા. २८/१२/२०१८ ના રોજ સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં બહાર પાડવામાં આવેલ. સદરહુ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ અંગે જીલ્લાની વિવિધ કચેરીઓમાં તથા સહાયક માહિતી નિયામકશ્રી માહિતી ખાતુ પોરબંદરને તમામ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા મેનેજરશ્રી સરકારી પ્રેસ રાજકોટને ગુજરાત ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા નકલો મોકલવામાં આવેલ. તેમ જણાવે છે અને આંક ૫૪ થી હથિયાર બંધીનું જાહેરનામુ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ આ પોલીસ સાહેદની ઉલટતપાસમાં જણાવે છે કે, સને–२०१८ ની સાલમા હુ જમીનશાખામા ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે જાહેરનામુ બહાર પાડવાની કામગીરી હોમશાખા તરફથી કરવામા આવે છે. એ વાત ખરી છે કે આ જાહેરનામા સબંધે મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે આ જાહેરનામુ કઇ રીતે અને કઇ કઇ જગ્યાએ ચોટાડીને પ્રસિધ્ધ કરેલુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે આ જાહેરનામુ કોઈ ન્યુઝ પેપરમા છપાવેલુ હોય તો તે સબંધે હુ કાંઇ જાણતો નથી.

(२३) આ કામમાં ફરીયાદપક્ષે પોલીસ સાહેદ સલીમ વજરુદીન પઠાણ આંક–૫૬ થી તેઓની સોગંદ ઉપર જુબાની આપતા જણાવે છે કે, ગઇ તા. १३/१/१९ ના રોજ અમો ઉધોગનગર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ ઓ તરીકે ફરજ પર હતા આ દરમ્યાન ઉધોગનગર પો.સ્ટે.ના પી એસ આઇ યુ બી અખેડ નાઓએ ફરીયાદી પરબતભાઇ મંગાભાઇ મકવાણાનાઓની આરોપીઓ જયેશ ભાયા ઓડેદરા, પ્રહલાદ મેરૂભાઇ ગરેજા, કૌશિક રાજેશભાઇ શનિષ્ઠરા, રહે. પોરબંદરવાળાઓને પોતાના રૂબરૂ લીધેલ ફરીયાદ ગુન્હો રજી.કરવા અમારા તરફ મોકલી આપતા અમોએ આરોપીઓ વિરૂધ્ધ ઉધોગનગર પો.સ્ટે.મા ગુન્હા રજી.નં. સેકન્ડ ૬/१९, ઇ.પી.કો.કલમ– ૫०४, ११४, તથા એટ્રોસીટી

કલમ–૩(૨)(૫–એ ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ગુન્હો રજી.કરેલ. બાદ સદર બનાવ અંગે ઉદ્યોનગર પો.સ્ટે. હેઠળ નોંધાયેલ સ્પેશ્યલ ગુન્હાનો રીપોર્ટ કરેલ તેમજ આગળની તપાસ ના.પો.અધિ.શ્રીને સંભાળવા અંગે જરૂરી મેસેજ કરેલ. તેમ જણાવે છે અને આંક ૫૭ થી ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ અને આંક ૫૮ થી મેસેજ ફોર્મ તથા આંક ૫૯ થી સ્ટેશન ડાયરી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ આ પોલીસ સાહેદની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, પી એસ ઓ તરીકે ફરીયાદીએ જે ફરીયાદ લખાવેલ હોય તેનો ઉતારો અમારે સ્ટેશન ડાયરીમાં અને રજીસ્ટ્રરમાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે, મને કોર્ટના રેકર્ડમાંથી આંક–૩૦ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કોઇ આરોપીના નામ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, હું આંક–૩૦ જોઇને જણાવુ છુ કે તેમા ફરીયાદી એવું લખાવેલ છે કે, જે મનદુ:ખના કારણે ઉપરોકત ત્રણેય જણા અમારા ઘરે હોકી અને પાઇપો લઇ આવેલ. એ વાત ખરી છે કે, ઉપરોકત બાબત મે જે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ તેમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, મે જે સ્ટેશન ડાયરીમાં તથા ઉતારામાં ત્રણેય આરોપીઓના નામ લખેલ છે. મને ઉદ્યોગનગર થાણા ઇન્ચાર્જ અખેડ સાહેબે ગુન્હો રજી.કરવા મોકલેલ ફોરવર્ડીગ પત્ર હતો તેમાં આરોપીઓના નામ લખેલ હતા. એ વાત ખરી છે કે, હું મારી સાથે લાવેલ સ્ટેશન ડાયરી તથા ઉતારો જોઇને જણાવુ છુ કે તેમાં કયાય થાણા ઇન્ચાર્જ પી એસ આઇ અખેડ સાહેબના રીપોર્ટના આધારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ છે તેવું લખેલ નથી. એ વાત ખરી નથી કે મારે ઉતારામા તથા સ્ટેશન ડાયરીમાં ફરીયાદની વિગત જણાવવાની હોય છે. એ વાત ખરી નથી કે, આવો કોઇ ફોરવર્ડીગ પત્ર અમોને અખેડ સાહેબે આપેલ નથી છતાં આપેલ હોવાનું ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે ખરેખર ફરીયાદી ભાજપના

આગેવાન અજય બાપોદરા સામે ફરીયાદ કરાવતા હોય પરંતુ રાજકીય દબાણને લીધે અમો તેનું નામ લખી શકતા ન હોય તેથી ખોટા નામો લખી લઈ ખોટો ઉતારો કરેલ છે. એ વાત ખરી નથી કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમા કોઈ આરોપીનું નામ લખેલ ન હોવા છતાં પોલીસ મેન્યુલ થી વિરૂધ્ધ તેમજ પી એસ ઓની ફરજોથી વિરૂધ્ધ ફરીયાદમાં નામ ન હોવા છતા ઉતારામા તથા સ્ટેશન ડાયરીમા આરોપીના નામ લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૨૪) આ કામમાં ફરીયાદપક્ષે ત.ક.અ સુભાષભાઈ ફોગાભાઈ વાઢેર આં ક–૬૦ થી તેઓની સોગંદ ઉપર જુબાની આપતા જણાવે છે કે, ગઈ તા. ૧૪/૧/૧૯ ના રોજ અમો પોરબંદર ગ્રામ્ય ડી.વાય.એસ.પી તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ઉધોગનગર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. સેકન્ડ ૬/૧૯, ઇ.પી.કો.કલમ–૫૦૪, ૧૧૪, તથા એટ્રોસીટી કલમ–૩(૨)(૫–એ ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાની અમારી તપાસનો નિમણુકનો હુકમ પો.અધિ.શ્રી ડો.પાર્થરાજસિંહ ગોહેલ સાહેબનાઓએ કરતા અમોએ તપાસ સંભાળેલી. તપાસ સંભાળ્યા બાદ ફરીયાદ તથા પ્રાથમિક તપાસના કાગળો વંચાણે લીધેલ. બાદ બનાવવાળી જગ્યાએ અમો ગયેલા અને ત્યાં સાહેદ લક્ષ્મીબેન મંગાભાઈ મકવાણા બનાવવાળી જગ્યા બતાવતા હોય પંચો રણછોડ નાથા તથા રાજુ રમેશનાઓને બોલાવી બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ. બાદ આ કામના આરોપીઓ જયેશ ભાયા ઓડેદરા, પ્રહલાદ મેરૂભાઈ ગરેજા, કૌશિક રાજેશભાઈ શનીષ્ઠરાનાઓને પંચો પરબત આલા તથા કાંતિ બાલાનાઓની હાજરીમાં પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ અને આરોપીઓની અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગે યાદી કરેલી બાદ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લીધેલા. બાદ આ કામના આરોપીઓએ ગુન્હા વખતે તેઓના કબ્જામાં રહેલ હથીયારો પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબ્જે લીધેલ. બાદ બનાવવાળી જગ્યાએ પી સી આર વાહનની હોલ્ટ કરવવા ઉધોગનગર પી એસ આઈને યાદી કરેલી. તેમજ આરોપી વિરૂધ્ધ જરૂરી અટકાયતા પગલા લેવા અંગે પી એસ આઈને યાદી કરેલી તેમજ આ કામે ગુન્હાવાળી

જગ્યા બાબતે ચીફ ઓફીસરશ્રી પોરબંદર પાસેથી જરૂરી માહીતી મેળવવા યાદી કરેલી. બાદ આ કામે ઇ.પી.કો કલમ –૫૦૬(૧) મુજબ તથા એટ્રોસીટી કલમ–૩(૧ )(આર)મુજનો ઉમેરો કરવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. તેમજ મોબાઇલ કોલ ડીટેઇલ મળવા નોડલ ઓફીસરને યાદી કરેલી. નગરપાલીકા તરફથી જરૂરી માહીતીના કાગળો અમારા તરફ મોકલી આપતા તપાસના કામે સામેલ રાખેલ. બનાવના અરસામાં હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોય મેળવી તપાસમાં સામેલ રાખેલ. બાદ કંટ્રોલરૂમ પાસેથી ૧૦૦ નંબર અંગેની વર્ધીની માહીતી મળવા પો.અધિ.કંટ્રોલ રૂમને યાદી કરેલી. જે અંગેની માહીતી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આરોપી સામે દાખલ થયેલ ગુન્હા અંગે એફ.આઇ.આરની નકલો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આરોપીઓ તથા ફરીયાદીના જરૂરી જાતી અંગેના દાખલાઓ તથા આધારો મેળવી તપાસમાં સામેલ રાખેલ. બાદ કોલ ડીટેઇલની માહીતી મળતા તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમ જણાવે છે અને આંક ૬૧ થી ૯૯ સુધી તેમણે તપાસ દરમીયાન એકત્રીત કરેલ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ આ પોલીસ સાહેદની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, મને જે ઓરીજનલ ફરીયાદ મળેલી તેમા કોઇ આરોપીઓના નામ લખેલ ન હતા. એ વાત ખરી છે કે, ત્રણ આરોપી પૈકી બે આરોપી વિરૂધ્ધ હાલની એફ આઇ આર પહેલાં પ્રોહીબીશન એકટ સંબંધેની એફ આઇ આર નોં ધાયેલી હતી. એ વાત ખરી છે કે, મે તપાસ સંભાળેલ ત્યારે હાલના આરોપીઓ પૈકી બે આરોપીની પ્રોહીબીશનના ગુન્હામા ધરપકડ થઇ ગઇ હતી. એ વાત ખરી છે કે, મે તપાસ સંભાળેલ ત્યારે ત્રણેય આરોપીઓ પોલીસ સ્ટેશને હતા, મારે કોઇની ધરપકડ કરવા જવુ પડેલ નહી. એ વાત ખરી નથી કે, ફરીયાદીનું વિશેષ નિવેદન લ ેવામાં માથાકુટ થતા ફરીયાદી તથા તેના ઘરના સભ્યો ડી.વાય. એસ પી ઓફીસની સામે ડો.બાબા સાહેબ આંબેડકરના પુતળાની સામે ઉપવાસ ઉપર બેઠા હતા. એ વાત ખરી નથી કે, આ ૫જ દિવસના ઉપવાસ પછી મે ફરી નિવેદન લીધેલ.

એ વાત ખરી નથી કે,તપાસના કામે ફરીયાદ અને ઘરના સભ્યો સિવાય કોઈ ત્રાહિત વ્યકિતઓના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસમા એવું ખુલેલ કે બનાવ બનેલ પછી મોટુ ટોળુ ભેગુ થયેલ. એ વાત ખરી છે કે, આ ટોળામાંથી કોઈના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસમા એવું ખુલેલ કે, ફરીયાદપક્ષ આંબેડકર ભવન બનાવવા માંગતા હતા અને નગરપાલીકા ત્યાં બગીચો બનાવાવ માંગતું હતું તે સંબંધે મન દુ:ખ હતુ. એ વાત ખરી નથી કે, ફરીયાદી એ મારી સમક્ષાની ફરીયાદમા અજય બાપોદરા સામે કાર્યવાહી કરવાનું કહેતા હતા પરંતુ અમો તે સંબંધે ના પાડતા હતા. એ વાત ખરી નથી કે, તે જ કારણે ફરીયાદી સાથે અમારે બોલાચાલી થયેલી હતી. એ વાત ખરી નથી કે, તે જ કારણે ફરીયાદી ઉપવાસ આદોલન કરવુ પડેલ હતુ. એ વાત ખરી છે કે, બનાવવાળી આજુબાજુની વસ્તીવાળી જગ્યા છે અને રહેણાંક મકાનો છે. એ વાત ખરી છે કે, મે ફરીયાદપક્ષના ઘરની આજુબાજુના રહેવાશીઓના કોઈના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, અમોએ ફરીયાદીના કહેવા મુજબના સાક્ષીના નિવેદન લીધેલ છે. એ વાત ખરી નથી કે, પંચનામાઓ તૈયાર કરી પાછળથી પંચોને બોલાવી તૈયાર પં ચનામામા પંચોની સહી લીધેલ છે. એ વાત ખરી છે કે, અમારી તપાસ દરમ્યાન કબ્જે કરેલ મુદામાલ કોઈ આરોપીઓના કબ્જામાંથી મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો ન હોવા છતાં ફરીયાદને અનુરૂપ મારી જાતે સાહેદોના નિવેદન લખી લઈ તેમજ કબ્જે કરેલ હથીયાર ગામમાંથી કબ્જે કરી આ કામના આરોપીઓના હથીયાર હોવાનું જણાવી તે સંબંધે ખોટા પંચનામા કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ કોઈ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી જુબાની આપુ છુ.

(૨૫) આ કામે ફરિયાદ પક્ષના સાહેદો રણછોડભાઈ નાથાભાઈ ગોહેલ આંક ૨૦ થી, રાજુભાઈ રમેશભાઈ કડછા આંક ૨૨ થી, પરબતભાઈ આલાભાઈ ગઢવી આંક ૨૩ થી, કાંતિભાઈ પાલાભાઈ ખરા આંક ૨૫ થી, નિલેશભાઈ ઘેલાભાઈ બોખીરીયા આંક ૨૬ થી, ભવ્યભાઈ જીતેન્દ્રભાઈ ગઢવી આંક ૨૮ થી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ બાબતે અમો કાંઇ જાણતા નથી. આ સાહેદો ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા નથી. જેથી ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન પણ ઉપરોકત સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સર્મથન આપેલ નથી.

(૨૬) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી બનાવની હકીકતોને સમર્થન આપે છે અને તેઓના જણાવ્યા મુજબ બનાવ સમયે આરોપીઓ હથીયાર સાથે આવેલાનું અને ઘરમાં બળજબરીથી પ્ર વેશવાનો પ્રયત્ન કરેલ અને ભુંડી ગાળો આપેલ અને તેમના પત્ની અને દિકરીને ધકકો મારી પછાડી દીધેલાની હકીકત જણાવે છે. ફરીયાદીની ઉલટ તપાસની હકીકતો ઘ્યાને લેતા મુખ્યત્વે બસસ્ટેન્ડ સામે આવેલ જમીનના વિવાદ બાબતે મનદુખ હોવાને લીધે બનેલાનું જણાવેલ છે. ફરીયાદીએ સ્વીકારેલ છે કે, હાલના બનાવ બાદ કોઇ આરોપીઓ સામે બીજી કોઇ ફરીયાદ આપેલ નથી. વઘુમાં સાહેદ લક્ષ્મીબેનનો પુરાવો વંચાણે લેતા તેઓએ પણ ઉપરોકત રીતે બનાવની હકીકતને સમર્થન આપેલ છે અને બનાવ સમયે આરોપીઓ આવેલા અને ગાળો કાઢ તા હતાં અને કહેલ કે પરબતને મારી નાખવો છે તેવી હકીકત જણાવે છે પરં તુ સદર સાહેદો કેવી અને કયાં પ્રકારની ગાળો આપતા હતાં તે બાબતે સાહેદે કોઇ સ્પષ્ટતા કરેલ નથી. વઘુમાં સદર સાહેદની ઉલટ તપાસની હકીકતો ઘ્યાને લેતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ જે બનાવ કહે છે તેની ફરીયાદ

તેઓએ આપેલ છે તેઓ ફરીયાદ લખાવવા ઉદ્યોગનગર પો.સ્ટે. માં ગયેલા. ત્યારબાદ ફરી તેઓએ સ્વીકારેલ છે કે ફરીયાદ કરવા પરબત એટલે કે ફરીયાદી એકલા ગયેલા અને તેઓએ ફરીયાદ આપેલ આમ સદર સાહેદનો પુરાવો સુધારા વધારા સાથેનો હોવાનું જણાય આવે છે. વધુમાં સાહેદ ભાવનાબેનનો પુરાવો વંચાણે લ ેતા સરતપાસમાં બનાવની હકીકતોને સમર્થન આપે છે પરંતુ ઉલટ તપાસની હકીકતો વંચાણે લેતા સ્વીકારેલ છે કે, તેઓ જે બનાવની હકીકત જણાવે છે તે દિવસે ઘણા બધા લોકો તેમના ઘર પાસે આવેલા હતાં બારોબાર દેકારાનો અવાજ આવતો હોવાથી તેઓએ દરવાજો ખોલેલ નહી અને ઘરની અંદર બેઠા હતાં. પોલીસ આવ્યા બાદ તેઓએ બારણુ ખોલેલ ત્યારે બારોબાર ઘણા બધા લોકો ઉભા હતાં. વધુમાં સાહેદે સ્વીકારેલ છે કે તેઓને જુબાનીમાં શું કહેવુ અને જુબાની કેવી રીતે આપવી તે તેમના પતિ પરબતભાઈએ શિખવાડેલાનું જણાવે છે. આમ સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા ઉપરોકત હકીકતે હાલના આરોપીઓ જ બનાવ સાથે સંકળાયેલા હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. વધુમાં સદર સાહેદ એ ટયુટર્ડ સાહેદ હોવાનું જણાય આવે છે.

(૨૭) ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ ધર્મેન્દ્રભાઈ પરબતભાઈનો પુરાવો વં ચાણે લેતા સરતપાસમાં બનાવની હકીકતને સમર્થન આપે છે પરંતુ સદર સાહેદના ઉલટતપાસમાં સ્વીકાર્યા મુજબ તેમના પિતાએ કોની સામે અને કયારે ફરીયાદ લખાવેલ તે તેઓ જાણતા નથી. વધુમાં તેઓના સ્વીકાર્યા મુજબ પોલીસે માત્ર નામઠામ પુછેલ કોઈ નિવેદન લીધેલ નથી. એવી જ રીતે સાહેદ ક્રિષ્નાબેન સાહેદ હેમલતાબેન તથા નીતાબેનનો પુરાવો વં ચાણે લેતા તેઓ સરતપાસમાં બનાવની હકીકતને સમર્થન આપે છે પરંતુ ઉલટ તપાસમાં બનાવની ફરીયાદ કોણે લખાવેલ તેની તેઓને ખબર નહી હોવાનું

જણાવે છે. આમ ઉપરોકત સાહેદોનો પુરાવો એકસાથે વંચાણે લેતા સુધારા વધારા સાથેનો હોવાનું જણાય આવે છે તેમજ સદર સાહેદો ફરીયાદી તથા તેના પરીવારના જ સભ્યો છે અને તેઓના પુરાવામાં ઘણી જ વિસંગતતા જણાય આવે છે જેથી આવા પુરાવાને આધારે આરોપીઓ સામેનો કેસ સાબીત માની શકાય તેમ નથી.

(૨૮) વધુમાં આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો તથા અટક પંચનામાના પંચ સાહેદો પંચનમાની હકીકતોને સમર્થન આપતા નથી. જેથી ત.ક.અ.શ્રી દ્વારા કરવામાં આવેલ પંચનામાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં આ કામે આ ગુનાની તપાસ કરનાર અમલદારની ઉલટ તપાસની હકીકતો વંચાણે લ ેતા બનાવવાળી જગ્યાની આજુબાજુની વસ્તીવાળી જગ્યા છે અને રહેણાંક મકાનો છે તેમ છતાં પણ તેવા કોઇ સાહેદોના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી અને તેઓને હાલના કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નરેન્દ્રભાઇ સામતભાઇ ચૌહાણના પુરાવાથી આં ક–પ૪ નું હથીયારબંધીનુ જાહેરનામુ બનાવના અરસામાં અમલમાં હોવાની હકીકત જણાય આવે છે પરંતુ તેવા કહેવાતા જાહેરનામાનો ભંગ આરોપીઓએ કરેલ હોવાની હકીકત સાબીત થતી નથી. આ કામે આ કામે ફરીયાદી નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીઓએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઇ જ હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતા પુરવાર થતી નથી. આમ ઉપરોકત હકીકત અન્ય સ્વતંત્ર તટસ્થ પુરાવાના અભાવે માત્ર ફરીયાદી તથા તેના પુત્ર અને અન્ય કુંટુંબીક સાહેદોના

પુરાવાને આધારે આ કામના આરોપીઓને હાલના ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૯) આમ આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતંત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ તથા નો જવાબ નકારમાં ઠરાવુ છું. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

**: આખરી હુકમ :**

૧. આ કામના આરોપીઓ નં. (૧)જયેશ ભાયાભાઈ ઓડેદરા, નં. (૨) પ્રહલાદ મેરુભાઈ ગરેજા, નં.૩ (૩) કૌશિક રાજેશભાઈ શનિશ્વરા ખત્રી ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રુા. ૧૦,૦૦૦(અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

૩. આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૭ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૭–૦૪–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701